# અનહદ છે જેની સરહદ

: લેખક :

વર્ધમાન તપોનિધિ સંઘહિતચિંતક
સ્વ.ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના**
શિષ્યરત્ન સાધુસેવાતત્પર સ્વાધ્યાયપ્રેમી
સ્વ. પૂજ્યપાદ **મુનિરાજ શ્રી દેવસુંદરવિજયજી મહારાજના**
શિષ્યરત્ન પૂજ્યપાદ આચાર્ય ભગવંત
**શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ**

૩૮૮

: પ્રકાશક :

**રત્નત્રયી ટ્રસ્ટ**
**કલ્પેશ વિ.શાહ**
૧૪, ઈલોરા પાર્ક સોસાયટી,
નારણપુરા ચારરસ્તા પાસે, જૈન દેરાસર સામે,
નારણપુરા, **અમદાવાદ - ૩૮૦ ૦૧૩**
ફોન : ૦૭૯-૨૭૬૮૦૭૪૬ (બપોરે ૧૨થી ૭)
મોબાઇલ : ૦૭૩૮૩૯૪૯૫૫૫
Email: ratnatrayeetrust@gmail.com
Website : www.ratnaworld.com

# પ્રાપ્તિસ્થાન

૧. **રત્નત્રયી ટ્રસ્ટ**
**પ્રવીણકુમાર દોશી**
૨૫૮, ગાંધી ગલી, સ્વદેશી માર્કેટ,
કાલબાદેવી રોડ, **મુંબઈ - ૪૦૦ ૦૦૨**
ફોન: ૦૨૨-૨૨૦૬૦૮૨૬
(બપોરે ૧૨થી ૭)

૨. **કિશોરભાઈ વિક્રમ**
અલંકાર લેડીઝ ડિપાર્ટમેન્ટ,
૬૧૫, લક્ષ્મી રોડ, **પુણે - ૪૧૧ ૦૩૦**
ફોન:૦૨૦-૨૪૪૫૫૫૧૯, ઘર. ૨૪૪૫૩૨૮૪
મોબાઈલ:૯૮૨૨૩-૩૪૬૯૨

૩. **દલીચંદ મણિલાલ મહેતા**
C/o. કે. ડી. ઓટો, કોમર્સ કોલેજ સામે,
**ભૂજ - કચ્છ**
ફોન:ઑ.: ૦૨૮૩૨-૨૩૨૫૦૧/૦૨
ઘર: ૨૫૩૩૫૧, ૨૫૦૩૫૧,
મોબાઈલ:૯૮૨૫૧-૫૦૩૫૧

૪. **રાજેશ-મૌલિક**
રોયલ ઈન્વેસ્ટમેન્ટ, ''આંગી'' બાલમંદિર સામે,
પેટ્રોલપંપની પાછળ, સરદારબાગ,
**બારડોલી-૩૯૪ ૬૦૨**
ફોન:૦૨૬૨૨-૨૨૦૩૪૫
મોબાઈલ:૯૯૯૮૩૦૯૯૯૧

૫. **નવભારત સાહિત્ય મંદિર**
પતાસા પોળની સામે,
મહાવીર સ્વામીના દેરાસરની બાજુમાં,
ગાંધી રોડ, **અમદાવાદ - ૩૮૦ ૦૦૧.**
ફોન:૦૭૯-૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧

૬. **દીપક - મિલન**
૧૦૧ ન્યુ ડી.ટી.સી., રજે માળે,
હાટફલીયા, હરીપૂરા,
**સુરત - ૩૯૫ ૦૦૩**
ફોન:૦૨૬૧-૩૦૦૯૦૪૨
(બપોરે ૧૧થી ૫)

૭. **રત્નત્રયી ટ્રસ્ટ, કલ્પેશ વિ. શાહ**
૧૪, ઈલોરા પાર્ક સોસાયટી,
નારણપુરા ચાર રસ્તા પાસે,
દેરાસર સામે, નારણપુરા,
**અમદાવાદ - ૩૮૦૦૧૩**
ફોન:૦૭૯-૨૭૬૮૦૭૪૬
મોબાઈલ:૦૭૩૮૩૯૪૯૫૫૫
(બપોરે ૧૨થી ૭)
Email: ratnatrayeetrust@gmail.com

૮. **કેયુરભાઈ અશોક મેટલ્સ,**
ઢેબરભાઈ રોડ,મ્યુ.કૉ.ઑફીસ સામે,
**રાજકોટ - ૩૬૦૦૦૧**
ફોન:૦૨૮૧-૨૨૨૪૪૦૮, ૨૨૩૭૦૨૯

૯. **મયુરકુમાર રસિકલાલ શેઠ**
'નવકાર' ૧૫૫, પ્રીતમ સોસાયટી નં ૧,
કસક, **ભરૂચ - ૩૯૨ ૦૦૨**
ફોન:૦૨૬૪૨-૨૪૫૧૩૬
મોબાઈલ: ૯૯૯૮૦-૧૪૦૦૧
Email: mayursheth1955@yahoo.co.in

૧૦. **ડૉ. રશ્મિન એમ. પુરોહિત**
'ભગવતી કૃપા', હાઈ-વે,
એચ.એમ.પી ગેટ સામે,
જલારામ કોલોની, **પોરબંદર - ૩૬૦૫૭૫.**
ફોન:૦૨૮૬-૨૨૪૩૦૦૩, ૨૨૪૫૬૦૧
મોબાઈલ: ૦૯૪૨૮૨ ૮૭૨૭૫
Email: shrutdevimandir@gmail.com

૧૧. **જૈન એલર્ટ ગ્રુપ ઓફ હિંમતનગર**
**ભાવેશ શાહ,**
કે.ડી. કોમ્પ્લેક્ષ, મોટાભાઇ માર્કેટની સામે,
ગાયત્રી મંદિર રોડ, મહાવીર નગર,
**હિંમતનગર-૩૮૩૦૦૧.** મો. ૯૪૨૮૮૩૨૬૬૦

૧૨. **રત્ન એસોસીએટસ**
C/o. કશ્યપ શાહ, 'ધર્મવીર', જૈન મંદિર સામે,
દેહરા પોળ, રાજમહલ રોડ, **વડોદરા-૩૯૦૦૦૧**
ફોન: ૦૨૬૫-૨૪૨૪૪૫૩
મો. ૮૦૦૦૯૧૫૮૩૯
Email: guru.seva2018@gmail.com


: મુદ્રક :
**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ,
ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧
ફોન : ૦૨૮૧-૨૪૬૮૪૬૧,
મોબાઈલ : ૯૮૨૫૦-૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૦૭૯-૨૬૫૮૪૪૧૪ / ૧૫
E-mail : sharpoffset@hotmail.com



**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન**



**કુલ પ્રકાશિત નકલ : ૨૬,૦૦૦**
**ગુજરાતી : ૧૩,૦૦૦**
**હિન્દી : ૮૦૦૦**
**અંગ્રેજી : ૫૦૦૦**
**કિંમત : રૂા.૨૦૦.૦૦**
**(રૂપિયા બસો પૂરા)**

## ઉદારતા કર્મસત્તાની, મહાનતા ધર્મસત્તાની

જગતમાં
એક પણ શસ્ત્ર તમે
એવો જોયો છે ખરો કે
જે પોતાને જ ખતમ કરી નાખે
એવું ખતરનાક શસ્ત્ર
સામે ચડીને દુશ્મનના
હાથમાં આપી
દેવાની ઉદારતા દાખવે !
હા.
આત્માની એક
એવી દુશ્મન છે
કર્મસત્તા પણ
એણે સંસારી આત્માને
'મન' નામનું
શસ્ત્ર આપીને ગજબનાક
ઉદારતા કરી દીધી છે.
આજ સુધીમાં
અનંતા આત્માઓ
જે કર્મસત્તાનો સફાયો
બોલાવી દેવામાં
સફળ થયા છે
તો એમાં ફાળો કોઈ
એક જ શસ્ત્રનો ફાળો
જો રહ્યો હોય તો
એ શસ્ત્રનું નામ છે
કર્મસત્તા તરફથી
ઇનામમાં મળેલું મન.
જે પણ આત્મા
આ શસ્ત્રનો સદુપયોગ
કરવામાં સફળ બન્યો
એ આત્માએ કર્મસત્તાને
કાયમ માટે પરાસ્ત કરી દીધી
પણ સબૂર !
કર્મસત્તા તરફથી મળેલ
આ મહાન શસ્ત્રનો જે આત્મા
દુરુપયોગ કરી બેઠો, કર્મસત્તાએ
એના કેવા હાલહવાલ કરી નાખ્યા ?
સાવધાન !

ધર્મસત્તા
ભારતની આત્માને
આમ તો અનેકના -- સાંભળ્યા.
ઉદારવાદિ ધર્મો સદ્‌ગુણોને
જોર આપે છે
પણ
એક જ સદ્‌ગુણને જોર
આપે છે એ સદ્‌ગુણને ભાવથી
જો આત્મા
બરાબર સમજી જાય
અને એ સદ્‌ગુણમાં પોતેજ
કામનાને બહાર લાવવા
આત્મા જો બરાબર
સજ્જ બની જાય તો
આત્મા ખુદ પરમાત્મા
બની ગયા વિના ન રહે
એ સો ટકાની વાત છે.
કયો છે એ સદ્‌ગુણ ?
શું નામ છે એ સદ્‌ગુણનું ?
એ જો તમે
જાણવા માગતા હો તો
એનો આ રહ્યો જવાબ.
એ સદ્‌ગુણનું નામ છે
'પ્રેમ'
સર્વ જીવો પ્રત્યેના
પ્રેમપૂર્વકના ઉદયગત સ્વીકાર
વિના આજ સુધી એક પણ આત્મા
'પરમાત્મા' બન્યો નથી અને
સર્વ જીવો પ્રત્યેના
પ્રેમપૂર્વકના ઉદયગત સ્વીકાર
પછી એક પણ આત્મા
'પરમાત્મા' બની ગયા વિના
રહ્યો નથી. પ્રેમ ગુણને
ધર્મસત્તાના આ મહાન જોરનો
સદુપયોગ કરીએ આપણે ખુદ
મહાન બની જ જઈએ.

*

'પ્રેમ' ગુણના મહિમાને વર્ણવતા
આ પુસ્તકના લખાણમાં અજાણતાં ય
શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાણ થઈ
ગયું હોય તો એનું હું અંતઃકરણપૂર્વક
મિચ્છા મિ દુક્કડં માગું છું.

દ. રત્નસુંદરસૂરિ

મારા અંતરના
ખૂબ ખૂબ ધન્યવાદ છે
એમને.

જેમના હૈયે
જેમનું સ્વરૂપ અને
જેમનું કુળ,

આ ગ્રંથ
વિષય પરના લખાણ સૂત્રો
મારા વિદ્વાન પ્રશિષ્યરત્ન
મુનિરાજ શ્રી
પાર્શ્વસુંદરવિજયજીએ
પોતાની આગવી અનુપ્રેક્ષાના
આધારે
સંયમે - આલેખ્યાં
અને આવ્યા અને એના ફળસ્વરૂપે
જ એ વિષયો પરનું આ
લખાણ ગ્રંથ બન્યું.

આની
પ્રસ્તુત અનુપ્રેક્ષા બદલ એ
મુનિવરને મારા અંતરના
ખૂબ ખૂબ
ધન્યવાદ છે.

દ:
રત્નસુંદરસૂરિ

INDEX

# 1 प्रेम्णो लिङ्गानि
# પ્રેમના લક્ષણો


01 
आत्महिताऽनुकूलप्रवर्तनम्
આત્મહિતને અનુકૂળ પ્રવર્તવું — ૨

02 
प्रेयसोऽप्रियवर्जनम्
જેનાં પર પ્રેમ છે એને ન ગમતું છોડી દેવું — ૪

03 
गुणे दृष्टेऽनुमोदना
ગુણ દેખાતા અનુમોદના કરવી — ૬

04 
कृतज्ञभावाऽभिव्यञ्जनम्
કૃતજ્ઞભાવને અભિવ્યક્ત કરવો — ૮

05 
मर्यादाऽनतिक्रमणम्
મર્યાદા ન ઓળંગવી — ૧૦

06 
दृष्टे दोषे मौनाऽवलम्बनम्
દોષ દેખાતાં મૌન ધારવું — ૧૨

07 
विस्मयप्रदर्शनम्
વિસ્મયભાવ દેખાડવો — ૧૪



**08** स्वस्खलनाऽरक्षणम् — પોતાના દોષનો બચાવ ન કરવો — ૧૬



**09** निष्पणाऽनुसरणम् — શરત વિના અનુસરવું — ૧૮




**10** प्रेयस्स्वभावस्वीकार: — જેના પર પ્રેમ છે એનો સ્વભાવ સ્વીકારી લેવો — ૨૦



**11** प्रेयसो निन्दात्याग: — જેના પર પ્રેમ છે એની નિંદા ન કરવી — ૨૨



**12** प्रातिकूल्येनाच्यवनम् — પ્રતિકૂળતાથી ડગવું નહીં — ૨૪



**13** छिद्रगवेषणतात्याग: — દોષ શોધવાની વૃત્તિનો ત્યાગ — ૨૬



**14** स्वाऽऽशयानिह्नुति: — પોતાનો આશય ન છૂપાવવો — ૨૮



**15** उपकारस्य सततं स्मरणम् — ઉપકારને સતત સ્મરવા — ૩૦

૧

# आत्महिताऽनुकूलप्रवर्तनम् ।

## (આત્મહિતને અનુકૂળ પ્રવર્તવું)

આગ!

સુવર્ણને વિશુદ્ધ કરે છે, ઘડાને એ મજબૂત કરે છે, કચરાનો એ સફાયો બોલાવી દે છે, ગૃહિણી એનાથી રસોઇ કરે છે, પ્રભુ સન્મુખ એ દીપક પ્રગટાવે છે.

પણ સબૂર!

જંગલોના જંગલો એ બાળી પણ નાખે છે, જીવતા માણસોને એ સળગાવી પણ નાખે છે, ગોડાઉનમાં પડેલા કરોડોના માલની એ રાખ પણ કરી નાખે છે અને કેઈ પરિવારોને એ અનાથ અને અસહાય પણ કરી નાખે છે.

પ્રશ્ન એ થાય કે કઈ આગ પર પસંદગીની અને પ્રશંસાની મહોરછાપ લગાવી દેવી ? જવાબ સ્પષ્ટ છે. જે આગ નુકસાન ન કરે, પણ લાભ કરે, હાહાકાર ન સર્જે, પણ ચમત્કાર સર્જે એ આગ પર જ પસંદગીની મહોરછાપ લગાવી દેવી અને એની જ પ્રશંસા કરવી.

**પ્રેમ!**

**જ્યારે એ વાસનાનું રૂપ ધારણ કરે છે ત્યારે એ રામાયણ સર્જે છે. જ્યારે એ આસક્તિનું રૂપ ધારણ કરે છે ત્યારે આક્રમક બનીને કો'કનું ખૂન પણ કરી નાખે છે. જ્યારે એ અધિકારનું રૂપ ધારણ કરે છે ત્યારે કો'કના ચહેરા પર એ ઍસિડ પણ રેડી શકે છે અને જ્યારે એ વેરનું રૂપ ધારણ કરે છે ત્યારે એ પાંચ-પંદરને નહીં પણ ભલું હોય તો લાખો-કરોડોને ય મોતને ઘાટ ઉતારી નાખવામાં પાછું વાળીને જોતો નથી.**



પણ સબૂર !

આ જ પ્રેમ જ્યારે નિર્મળ હોય છે, સ્વાર્થમુક્ત અને અધિકારમુક્ત હોય છે, દંભમુક્ત અને ડરમુક્ત હોય છે ત્યારે ચમત્કારોની જે હારમાળા સર્જે છે એનું શબ્દોમાં બયાન કરવું મુશ્કેલ જ નહીં, પણ અશક્ય છે.

વાસનાલંપટને એ વાસનાવિજેતા બનાવી દે છે. લોભાંધને એ પરમ ઉદાર બનાવી દે છે, દંભીને એ સરળ બનાવી દે છે, ક્રોધાંધને એ ક્ષમાવાન બનાવી દે છે.

દુર્જનને એ સજ્જન બનાવી દે છે, સજ્જનને એ સંત બનાવી દે છે અને સંતને એ પરમાત્મા બનાવી દે છે.

પ્રશ્ન એ થાય કે એક જ 'પ્રેમ' પદાર્થ હાહાકારસર્જક અને ચમત્કારસર્જક પણ બની રહે છે એનું કારણ શું છે ?

કારણ એક જ છે.

આગ કેવી છે એ મહત્ત્વનું નથી હોતું, પણ આગ કોના હાથમાં છે એ જેમ મહત્ત્વનું હોય છે તેમ પ્રેમ કેવો છે એ મહત્ત્વનું નથી, પણ પ્રેમ કરનાર કોણ છે, એ મહત્ત્વનું છે.

**એટલું જ કહીશ કે આગની જેમ જ પ્રેમ દાહક પણ છે અને પાવક પણ છે.**

**આત્માનું અહિત કરતો પ્રેમ દાહક છે તો આત્માનું હિત કરતો પ્રેમ પાવક છે. અને હું તો ત્યાં સુધી કહીશ કે એ જ પ્રેમ છે કે જે આત્મહિતને માટે જ પ્રવર્તે છે અને પ્રયત્નશીલ બને છે.**

આવા પ્રેમના આપણે માલિક ખરા ?



# પ્રેયસોઽપ્રિયવર્જનમ્ ।

## (જેનાં પર પ્રેમ છે એને ન ગમતું છોડી દેવું)

ક્યારેક ક્યારેક મનમાં ઊઠતા, દ્વિધા પેદા કરતા પ્રશ્નોનું સ્પષ્ટ સમાધાન અંતઃકરણ પાસેથી મેળવી લેવું જોઈએ કે જેથી જીવન સમ્યક્ લક્ષ્યની દિશામાં ભલે ધીમી ગતિએ પણ આગળ જ વધતું રહે.

આ રહ્યા દ્વિધા પેદા કરતા પ્રશ્નો.

શું એક કરોડનું દાન આપવું સહેલું છે ? કે પછી એક પણ રૂપિયાની અનીતિ ન કરવી સહેલી છે ?

શું પરમાત્માની ૧૦/૨૦ સ્તુતિઓ બોલવી સહેલી છે ? કે પછી એક પણ ગાળ ન બોલવી સહેલી છે ?

શું જીવનભર તપશ્ચર્યા કરતા રહેવું સરળ છે ? કે પછી ક્યારેય હૉટલ-લારીનું ન ખાવું સરળ છે ?

શું આ જગતના સર્વ જીવોને મિત્ર બનાવી દેવા સરળ છે ? કે પછી એક પણ જીવ સાથે દુશ્મનાવટ ન કરવી સરળ છે ?

સ્પષ્ટ શબ્દોમાં કહું તો શું જિંદગીભર અમૃતપાન કરતા રહેવું સરળ છે? કે પછી ક્યારેય વિષપાન ન કરવું સરળ છે ?

**આ તમામ પ્રશ્નોનો એક જ જવાબ છે, સમ્યક્નું સેવન કઠિન છે, ગલતનો ત્યાગ સરળ છે, ધર્મપ્રવૃત્તિ કઠિન છે, પાપનિવૃત્તિ સરળ છે.**



કારણ ?

સમ્યક્ના સેવન માટે તદનુરૂપ સામગ્રી જોઈએ છે, સેવન માટેના અનુકૂળ સંયોગો જોઈએ છે, પર્યાપ્ત સમય જોઈએ છે, નિર્મળ શ્રદ્ધા જોઈએ છે અને સમ્યક્ પુરુષાર્થ માટેનું સત્ત્વ જોઈએ છે જ્યારે ગલતના ત્યાગ માટે ? દૃઢ ઈચ્છા પેદા કરાવી શકે એવો માનસિક પરિણામરૂપ મજબૂત સંકલ્પ જ જોઈએ છે.

અલબત્ત,

વાસ્તવિકતા આ જ હોવા છતાં બહુજનવર્ગનો અનુભવ આ છે કે સમ્યક્નું સેવન સરળ છે, ગલતનો ત્યાગ કઠિન છે, કારણ ? સમ્યક્ના સેવનમાં શરીર-મનને કષ્ટનો અનુભવ થાય છે જ્યારે ગલતના સેવનમાં શરીર-મનને મસ્તીનો અનુભવ થાય છે.

પણ સબૂર !

પ્રેમ, વ્યક્તિને આ તાકાત આપીને જ રહે છે અને જેના પર પ્રેમ છે એને ગમતું બધું હું નથી પણ કરી શકતો, પણ એને ન ગમતું છોડવાનું સત્ત્વ તો હું ફોરવી જ શકું છું.

**હું મારી જાત માટે જો એમ માનતો હોઉં કે 'મને આટઆટલી વ્યક્તિઓ પ્રત્યે પ્રેમ છે જ' તો મારે મારા એ પ્રેમને કસોટીના આ પથ્થર પર ચકાસી લેવાની જરૂર છે.**

શું કહું ?

આગમાં ગયા પછી ય સોનાને જો આંચ નથી આવતી તો સમજવું પડે કે સોનું 'સોનું' જ હતું, કથીર નહોતું.

મન સાથે સંઘર્ષો કર્યા પછી ય 'ન ગમતા'ના ત્યાગમાં જો સફળતા મળી છે તો સમજવું પડે કે પ્રેમ એ 'પ્રેમ'જ હતો, સ્વાર્થ નહોતો.



# ગુણે દૃષ્ટેડનુમોદના ।
## (ગુણ દેખાતા અનુમોદના કરવી)

વાદળના ગડગડાટ સાંભળવા મળે અને એ પછી ય મોર જો શાંત હોય તો સમજવું પડે કે કાં તો એ મોર માનસિક સ્તરે બિમાર છે અને કાં તો એ મોર બધિર છે.

ઋતુ વસંતની હોય, આંબાના વૃક્ષની ડાળીએ ડાળીએ કેરીઓ ઝળુંબી રહી હોય અને એ પછી ય કોયલની જીભ પોતાના મુખના ગેરેજમાં બંધ હોય તો સમજવું પડે કે કાં તો કોયલ કેરીઓનાં વૈભવને સમજી શકી નથી અને કાં તો કોયલને મૌન રહેવા કો'કે મજબૂર કરી દીધી છે.

**વ્યક્તિ પ્રત્યે હૃદયમાં પ્રેમ હોવા છતાં, એનામાં રહેલ ગુણોના દર્શન થવા છતાં આપણે જો એના ગુણોની દિલથી અનુમોદના કરવા તૈયાર નથી, એનાં ગુણોની પ્રશંસા કરવા તૈયાર નથી તો નિશ્ચિત સમજી રાખવું કે કાં તો આપણને વ્યક્તિ પ્રત્યે પ્રેમ નથી અને કાં તો પ્રેમ દર્શન માટે આપણી આંખો સક્ષમ નથી.**

યાદ રાખજો,


વ્યક્તિના ગુણો જોયા પછી ય એના એ ગુણો પ્રત્યે મન મુખર બન્યું ન રહે એ સંભવિત છે, પણ વ્યક્તિના ગુણો જોયા પછી ય મન એના એ ગુણો પ્રત્યે મૌન બન્યું રહે એ તો સંભવિત જ નથી.

ટૂંકમાં, ગુણદર્શન પછી ય મન મૌન એ રાગ અને ગુણદર્શન પછી ય મન બોલકું એ પ્રેમ.

યાદ રાખજો,

સ્વાર્થ અને રાગ, મનને ડુક્કર બનાવે છે જ્યારે પ્રેમ મનને માનસરોવરનો હંસ બનાવે છે.

રાગ અને સ્વાર્થ મનને માછીમાર બનાવે છે



જ્યારે પ્રેમ મનને મરજીવો બનાવે છે.

રાગ અને સ્વાર્થ મનને સ્વાર્થના ખાબોચિયામાં આળોટતું રાખે છે જ્યારે પ્રેમ વિરાટકાય ગંગામાં ડૂબકી લગાવતો રહે છે.

રાગ અને સ્વાર્થને અસ્તાચલ સાથે ગાઢ મૈત્રી હોય છે જ્યારે પ્રેમને ઉદયાચલ વિના જામતું જ નથી.

**રાગ અને સ્વાર્થ પણ શેરડી પર પોતાની પસંદગી તો ઉતારે જ છે, પણ શેરડીનો ઉપયોગ કરીને એને ફેંકી દે છે જ્યારે પ્રેમને ઉપયોગિતામાં રસ નથી હોતો, ઉપાસનામાં રસ હોય છે.**

આપણાં મનમાં ઉદ્ભવતી લાગણીઓને આપણે એ ગણિતના આધારે મૂલવવાની જરૂર છે.

રાગ અધમને ય સુલભ છે, પણ પ્રેમ તો ઉત્તમને ય સુલભ છે કે કેમ એ પ્રશ્ન છે. રાગનો દાવાનળ તો દાઉદ ઇબ્રાહીમ પાસે ય હોય છે જ્યારે પ્રેમનો મંગળ દીપક તો કોની આગળ ઉપલબ્ધ છે એ પ્રશ્ન છે.

આવો, જીવન જો ઉત્તમ મળ્યું છે તો ઉત્તમ મંગળકારી લાગણીના જ માલિક બન્યા રહીએ. જીવન ધન્ય બની જશે.



# કૃતજ્ઞભાવાઽભિવ્યઞ્જનમ્ ।
## (કૃતજ્ઞભાવને અભિવ્યક્ત કરવો)

ગાડીમાં ગિર્દી ચિક્કાર હોય, રિઝર્વેશન હોય નહીં અને મંજિલે પહોંચવું અનિવાર્ય જ હોય, શરીર પસીનાથી લથબથ હોય અને મન સંતપ્ત હોય.

આ સ્થિતિમાં કોઇ પરગજુ વ્યક્તિ આપણને પોતાની જગા આપી દે અને આપણે હેમખેમ મંજિલે પહોંચી જઇએ. શું એ પછી ય એના આપણાં પ્રત્યેના આ ઉપકાર બદલ આપણે એનો આભાર માનતા શબ્દો બોલ્યા વિના રહી શકીએ એ શક્ય છે ખરું ? હરગિજ નહીં.

એક નક્કર વાસ્તવિકતા આંખ સામે રાખજો. આપણાં જીવનનું અસ્તિત્વ જો આજે સલામત છે તો એનો યશ ઉત્તમ આત્માઓના ફાળે નથી જતો, પણ ઉપકારીઓના ફાળે જાય છે.

હજી સ્પષ્ટ શબ્દોમાં કહું તો **જીવનમાં ઉત્તમ આત્માઓ ન પણ મળે તો ય આપણાં જીવનને ટકાવી રાખવામાં આપણને કોઇ જ તકલીફ ન પડે, પણ ઉપકારીઓ ન મળે તો તો આપણાં અસ્તિત્વ પર પ્રશ્નાર્થચિહ્ન જ મૂકાઇ જાય.**

એક વાત આ અને બીજી વાત એ કે ઉત્તમ આત્માઓ પાસે રહેલ ઉત્તમતાને સ્વીકારવા તમે સંમત ન પણ થાઓ એટલા માત્રથી તમારી સુરક્ષા કાંઇ જોખમાઇ ન જાય.

પવિત્ર વ્યક્તિની પવિત્રતા અને સરળ વ્યક્તિની સરળતા, કોમળ વ્યક્તિની કોમળતા અને ઉદાર વ્યક્તિની ઉદારતા, આ તમામને તમારા જીવનમાં તમે પ્રવેશ ન પણ આપવા માગતા હો તો ય તમારા જીવનને વ્યવસ્થિત રીતે ચાલતું રાખવામાં તમને કોઇ જ તકલીફ ન પડે, પણ તમે જો કોઇનો ય ઉપકાર લેવા તૈયાર ન હો તો તમારું જીવન સો ટકા જોખમમાં મૂકાઇ જ જાય.



જવાબ આપો.

માતાના-પિતાના-સમાજના-સંઘના-સંસ્થાના-સરકારના-વ્યવસ્થાના ઉપકારો સ્વીકારવાની ના પાડ્યા પછી ય જીવનને સુરક્ષિત રાખી શકાય ખરું ? સ્વતંત્ર રાખી શકાય ખરું ? હરગિજ નહીં.

સંદેશ સ્પષ્ટ છે.

**ઉત્તમની ઉત્તમતાનો સ્વીકાર જીવનમાં ફરજિયાત નથી, પણ ઉપકારીઓના ઉપકારનો સ્વીકાર તો જીવનમાં ફરજિયાત જ છે. પ્રશ્ન જે છે તે આ છે. જેના જેના પણ ઉપકારો આજ પર્યંત લીધા છે અને હજી પણ લેવાના ચાલુ છે એ તમામ ઉપકારીઓ પ્રત્યે આપણાં કૃતજ્ઞભાવને અભિવ્યક્ત કરવાનું આપણું ચાલુ છે ખરું ?**

યાદ રાખજો,

કૃતજ્ઞતાની અભિવ્યક્તિ ઉપકારોની પરંપરાને જીવંત રાખે છે જ્યારે કૃતઘ્નતાનું વરવું પ્રદર્શન ઉપકારોની પરંપરાને ખતમ કરી નાખે છે.

કદાચ આ હિસાબે જ કહેવાયું હશે કે 'कृतघ्ने नास्ति निष्कृति:' કૃતઘ્નનો છૂટકારો નથી, કૃતઘ્નને પ્રાયશ્ચિત નથી.

આપણો નંબર 'કૃતઘ્ન'માં ન જ હોય અને 'કૃતજ્ઞ'માં હોય એ નક્કી ખરું ને ?



# मर्यादाऽनतिक्रमणम् ।

## (મર્યાદા ન ઓળંગવી)



બે શબ્દો એવા છે કે જેના અર્થઘટનમાં જો સ્પષ્ટ હોઈએ તો જીવન ધન્ય ધન્ય બન્યું રહે અને જેના અર્થઘટનમાં જો અસ્પષ્ટ હોઈએ તો જીવન ગટરની દુર્ગંધને અને અમાસના અંધકારને, કીચડની ગંદકીને અને કંટકની તીક્ષ્ણતાને ય શરમાવે એવું બન્યું રહે.

આ રહ્યા એ બે શબ્દો.

૧. સ્વતંત્રતા અને ૨. સ્વચ્છંદતા.

જે પણ પરિબળને કો'ક સમ્યક્નું નિયંત્રણ છે એનું નામ સ્વતંત્રતા અને જેને કોઈ પણ પ્રકારનું સમ્યક્ નિયંત્રણ જ નથી એનું નામ સ્વચ્છંદતા.

**બે કાંઠાની મર્યાદામાં રહીને વહેતી નદી એ છે સ્વતંત્રતા અને કાંઠાની મર્યાદાને તોડીને બેફામ વહી રહેલ નદી એ છે સ્વચ્છંદતા.**

જે મસ્તીને મર્યાદા છે એનું નામ સ્વતંત્રતા અને જે મસ્તી મર્યાદાહીન છે એનું નામ સ્વચ્છંદતા.

આસમાનમાં ઊડી રહેલ પતંગ જમીન પર ઊભેલા કો'કના નિયંત્રણમાં હોય એ સ્વતંત્રતા અને માત્ર હવાના બળે આસમાનમાં ઊડી રહેલ કાગળ એ છે સ્વચ્છંદતા.

બંધારણની મર્યાદામાં રહીને સત્તાનો અધિકાર ભોગવતી સરકાર એ છે સ્વતંત્રતા અને બંધારણને ઘોળીને પી જઈને સત્તાનો અધિકાર

ભોગવતી સરકાર એ છે સ્વચ્છંદતા.

ખીલે બંધાયેલ ઢોર એ છે સ્વતંત્રતા અને હરાયું બનીને સર્વત્ર ભટકી રહેલ ઢોર એ છે સ્વચ્છંદતા.

મર્યાદાની મજાક કરતો રહેતો રાગ એ છે સ્વચ્છંદતા અને મર્યાદાને હૃદયથી નમસ્કાર કરતો રહેતો પ્રેમ એ છે સ્વતંત્રતા.

એક વાત યાદ કરાવું ?

**વાંદરાને સ્થિરતા સાથે જેમ દુશ્મનાવટ હોય છે, શિયાળને સરળતા સાથે અને સિંહને કોમળતા સાથે જેમ તગડે-છગડે હોય છે તેમ મનને મર્યાદા સાથે કાયમની દુશ્મનાવટ છે.**

**સ્પષ્ટ શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે સતત ક્રીઝ છોડીને જ રમવા માટે લાલાયિત રહેલો બૅટ્સમૅન એનું નામ મન.**

આવા મનની માન્યતાને જેણે પોતાના જીવનનું ગન્તવ્ય અને કર્તવ્ય બનાવી લીધું એ જિંદગીભર રાગની ગટરમાં અને સ્વાર્થની ખાઈમાં ગોથા ખાતો રહેશે, પણ પ્રેમના માનસરોવરમાં ક્યારેય ડૂબકી લગાવી નહીં શકે.

એટલું જ કહીશ કે પ્રેમજન્ય મર્યાદાનો આધાર માત્ર માન્યતા જ ન બની રહેતા સમ્યક્ સમજપૂર્વકનું આચરણ બની રહેવું જોઈએ.

પ્રલોભન સામે સતી જો સમાધાન કરે તો જ પ્રેમ મર્યાદાભંગ સાથે સમાધાન કરે.

સાવધાન !



૬

# દૃષ્ટે દોષે મૌનાવલમ્બનમ્ ।

## (દોષ દેખાતાં મૌન ધારવું)

તમે જ્યારે શિખર પર હો છો ત્યારે ય તળેટી પર કાંકરાઓ હોય તો છે જ, પણ એ કાંકરાઓ તમને દેખાતા નથી હોતા કારણ કે શિખર પરની ઉંચાઇ તમને કાંકરાના દર્શનથી વંચિત કરી દેતી હોય છે.

**તમારું હૃદય જ્યારે પ્રેમસભર હોય છે ત્યારે ય સામી વ્યક્તિમાં દોષો તો હાજર હોય જ છે, પણ કાં તો એ દોષો તમે જોતા નથી અને એ દોષો કદાચ તમને દેખાઈ જાય છે તો ય એ દોષો તમે કોઈની ય સમક્ષ પ્રગટ કરતા નથી. કારણ ? પ્રેમ એ હૃદયની એવી ઉદાત્ત ઉંચાઇ છે કે જ્યાં પહોંચી ગયા પછી દોષદર્શન, દોષ પ્રગટીકરણ કે દોષોચ્ચારણ શક્ય જ નથી બનતું.**


અલબત્ત,

તમે ડૉક્ટર બની જાઓ એનો અર્થ એવો નથી કે દર્દીના રોગ પ્રત્યે તમે અંધ જ બની જાઓ.

ના. એનો અર્થ એટલો જ છે કે, દર્દીના રોગને જાણ્યા પછી ય તમને દર્દી પ્રત્યે તિરસ્કાર નથી હોતો, પણ સહાનુભૂતિ હોય છે. દર્દીના રોગની તમે ઉપેક્ષા નથી કરતા, પણ દર્દીના રોગનો તમે સમ્યક્ ઉપચાર કરો છો.

અરે, દર્દીના રોગની તમે અન્ય ડૉક્ટરો વચ્ચે ચર્ચા પણ કરો છો તો ય દર્દીને બદનામ કરવા નહીં, પણ દર્દીને રોગમુક્ત કરવાના વિકલ્પો જાણીને એને અમલી બનાવી દર્દીને રોગમાં રાહત આપવા.

બસ, બરાબર આ ડૉક્ટર



જેવો હોય છે પ્રેમ. પ્રેમપાત્રના જીવનમાં રહેલ દોષોને એ જુએ પણ છે, જાણે પણ છે અને અન્ય સમક્ષ કદાચ એની જાહેરાત પણ કરે છે, પણ એની પાછળનો એનો આશય એક જ હોય છે, પોતાના પ્રેમપાત્રને દોષમુક્ત કરવાનો. પોતાના પ્રેમપાત્રને નિર્દોષ બનાવી દેવાનો.

શું કહું ?

આગ એની એ જ હોય છે, પણ એક આગ એ હોય છે કે જે કથીરના અસ્તિત્વને ખતમ કરી નાખતી હોય છે તો એક આગ એ હોય છે કે જે સુવર્ણમાં રહેલ મલિનતાનો સફાયો બોલાવી દેતી હોય છે.

**બસ, એ જ ન્યાયે દૃષ્ટિ તો એની એ જ હોય છે, પણ એક દૃષ્ટિ એ હોય છે કે જે સામી વ્યક્તિમાં રહેલ દોષોને સર્વત્ર પ્રગટ કરતા રહીને એ વ્યક્તિને બદનામ કરતી રહે છે અને એક દૃષ્ટિ એ હોય છે કે જે સામી વ્યક્તિમાં રહેલ દોષોને યોગ્ય વ્યક્તિ સમક્ષ પ્રગટ કરતા રહીને એ વ્યક્તિને દોષમુક્ત કરવા પ્રયત્નશીલ બની રહેતી હોય છે.**






જાતને પૂછજો.

આપણી પાસે દર્દીનું ઑપરેશન કરતી ડૉક્ટરદૃષ્ટિ છે ?
કે પછી પશુને બેરહમીથી કાપી નાખતી કસાઇદૃષ્ટિ છે ?

સાવધાન !

૭

# विस्मयप्रदर्शनम् ।

## (વિસ્મયભાવ દેખાડવો)

કો'ક વ્યક્તિના હાથમાંથી અચાનક કંકૂ ઝરવા લાગે અને આપણી આંખો વિસ્ફારિત થઇ જાય એ આશ્ચર્યભાવ છે.

સ્ટેજ પર રહેલ કોઇ જાદૂગર દર્શકોના સમૂહમાંથી કોઇ યુવતિને સ્ટેજ પર બોલાવીને લાકડાના પાટિયા પર સૂવડાવીને કરવતના માધ્યમે એના શરીરના બે ટૂકડા કરી નાખે અને આપણાં મુખમાંથી ચીસ નીકળી જાય એ આશ્ચર્યભાવ છે.

**વગર ડ્રાઈવરે ગાડી દોડવા લાગે, વગર પાયલટે પ્લેન ઉડવા લાગે, વગર કપ્તાને સ્ટીમર ચાલવા લાગે અને વગર ડૉક્ટરે ઑપરેશન થવા લાગે અને આપણું મન ચકરાવે ચડી જાય એ આશ્ચર્યભાવ છે.**

૫૦,૦૦૦ કિલોમીટર દૂર રહેલ વ્યક્તિ સાથે ૫ સેકંડમાં આપણે વાત કરી શકીએ અને પાંચ હજાર વરસ પૂર્વે બોલાયેલ શબ્દોને આજે આપણે એ જ રીતે સાંભળી શકીએ અને એ અનુભવે જે ગદ્ગદતા અનુભવાય એ આશ્ચર્યભાવ છે.

આખાને આખા ૧૫ માળના મકાનને પાયા સાથે એક સ્થળેથી અન્ય સ્થળે ફેરવાતું જોઇને જે સ્તબ્ધતા અનુભવાય એ આશ્ચર્યભાવ છે.



પણ, આપણી આંખમાં વિકારોના

સાપોલિયા આંટા લગાવી રહ્યાનું જાણવા છતાં કો'કના તરફથી આપણને સહાનુભૂતિ મળતી રહે અને એ અનુભવે આપણે જે ગદ્ગદતા અનુભવતા રહીએ એને વિસ્મયભાવ કહેવાય.

સામી વ્યક્તિ દ્વારા આપણી અવગણના થતી રહે, આપણને અન્યાયો થતા રહે, આપણાં અપમાનો થતાં રહે એ પછી ય આપણા હૈયામાં એના પ્રત્યેના સદ્ભાવમાં લેશ પણ ઓટ ન અનુભવાય એને વિસ્મયભાવ કહેવાય.

આપણાં જીવનમાં રહેલા દોષોને આપણે સાફ કરતા રહીએ, સામી વ્યક્તિમાં રહેલ દોષોને આપણે માફ કરતા રહીએ અને આપણાં ઉપકારીઓને આપણે સતત યાદ કરતા રહીએ અને જે આનંદ આપણે અનુભવીએ એને વિસ્મયભાવ કહેવાય.

**એટલું જ કહીશ કે આપણી પાસે રહેલ પદાર્થ એ સુવર્ણ હતું, પણ કથીર નહીં એ નિર્ણય જેમ આગ કરી આપે છે તેમ આપણી પાસે રહેલ લાગણી એ પ્રેમનું અત્તર હતું, પણ ગટરની દુર્ગંધ નહીં એ નિર્ણય વિસ્મયભાવ કરી આપે છે.**



# स्वस्खलनाऽरक्षणम् ।
## (પોતાના દોષનો બચાવ ન કરવો)

ધૂપ-ધૂમાડો અને ધુમ્મસ, એ ત્રણેયમાં કોઈ એક સામાન્ય અથવા તો સમાન વાસ્તવિકતા હોય તો એ આ છે કે એ ત્રણેયની ઉપસ્થિતિમાં સામે જે પણ હોય છે એ કદાચ એકદમ સ્પષ્ટ દેખાતું નથી.

પણ સબૂર !

એ છતાં ધૂપ મનને ગમે છે, ધુમ્મસ મનને કદાચ નથી પણ ગમતું તો ય એટલું બધું અકળાવતું પણ નથી; પરંતુ ધુમાડો ? એ તો ત્રાસદાયક જ બન્યો રહે છે.

ક્રોધ ધુમાડા જેવો છે કે જે ન કેવળ સ્વદોષનો બચાવ જ કરે છે, પણ સ્વદોષ દર્શાવનારને જ આરોપીના પિંજરમાં મૂકી દે છે.

આની સામે રાગ ધુમ્મસ જેવો છે કે જે સ્વદોષની કબૂલાત નથી કરતો તો ભૂલ કાઢનાર પર આક્ષેપ પણ નથી કરતો, જ્યારે પ્રેમ એ ધૂપ જેવો છે કે જે સ્વદોષનો બચાવ નથી જ કરતો.





એક મજેની વાસ્તવિકતા જણાવું ?

**એક પણ સાક્ષીની હાજરી ન હોય,**
**કોઈએ પણ પોતાના પર કેસ ન કર્યો હોય,**
**વકીલો કે ન્યાયાધીશ કોઈ પણ હાજર ન હોય તો ય**
**પોતાની મેળે જ સામે ચડીને પોતાના દોષની કબૂલાત કરી દઈને**
**પોતાને અપરાધી જાહેર કરતી જે એક વંદનીય કોર્ટ છે એનું નામ પ્રેમ છે.**

એક વાતનો જવાબ આપો.

સમજુ દર્દી પોતાના શરીરમાં રહેલ રોગનો બચાવ કરતો રહે કે કબૂલાત કરતો રહે ?

સમજુ વિદ્યાર્થી પોતાના અભ્યાસમાં થતી રહેતી સ્ખલનાઓનો સ્વીકાર કરતો રહે કે બચાવ કરતો રહે ?

જેનું હૃદય પ્રેમસભર છે, સ્વજીવનમાં રહેલ દોષોની જેને અકળામણ છે એ આત્મા દોષોની કબૂલાત કરતો રહે કે બચાવ કરતો રહે ?

યાદ રાખજો,

**ગરજ અને ગળું કપાઈ ગયા પછી જેમ બોલી શકાતું નથી તેમ આસક્તિ અને અહંકારથી મન ગ્રસ્ત થઈ ગયા પછી સ્વદોષની કબૂલાત થઈ શકતી નથી.**

સ્વજીવનને હળવુંફૂલ રાખી દેવું છે ?

દોષમુક્ત થવાની વાત પછી કરશું, પહેલા દોષબચાવથી મુક્ત થઈ જઈએ અને એ માટે હૃદયને પ્રેમથી છલોછલ બનાવીને જ રહીએ.

૯

# निष्पणाऽनुसरणम् ।
## (શરત વિના અનુસરવું)

**શરત રમતમાં હોય,**

**ગમ્મતમાં શરત શી ?**

કાયદા જેલમાં હોય, ઘરમાં કાયદા શેના ?

**હિસાબ-કિતાબ ગણિતમાં હોય, સંગીતમાં હિસાબ-કિતાબ શેના ?**

બુદ્ધિની મારામારી શતરંજમાં હોય, ખો-ખોમાં બુદ્ધિની મારામારી શેની ?

**આક્રમણની વાત પદાર્થક્ષેત્રે હોય, પરમાત્મક્ષેત્રે આક્રમકતા શેની ?**

ફૂંકી ફૂંકીને પગ રાગ અને સ્વાર્થક્ષેત્રે મૂકવાના હોય, પ્રેમ અને સ્નેહક્ષેત્રે ફૂંકી ફૂંકીને પગ મૂકવાની વાત શેની ?

'જો' અને 'તો'ની વાત શંકાક્ષેત્રે હોય, વિશ્વાસક્ષેત્રે 'જો' અને 'તો'ને સ્થાન ક્યાં ?

યાદ રાખજો,

સાકર વિનાનું દૂધ અને પાણી વિનાની નદી, કાંટા વિનાનું ફૂલ અને દુર્ગંધ વિનાની ગટર, સંક્લેશ વિનાની સંપત્તિ અને ક્લેશ વિનાના સંબંધો હજી આસાન છે અને સંભવિત છે, પણ શરત વિનાનો પ્રેમ ? દુર્લભ કે દુર્લભતર જ નથી, દુર્લભતમ છે.

કારણ ?

સંપર્કને હજી અપેક્ષામુક્ત રાખી શકાય છે, પણ સંબંધને જેમ અપેક્ષામુક્ત રાખતાં નવનેજાં પાણી ઉતરી જાય છે તેમ પરિચયને હજી શરતમુક્ત રાખી શકાય છે, પણ પ્રેમને શરતમુક્ત રાખતા તો મૂછે લટકાવેલા લીંબુ ઉતારી દેવા પડે છે.

તો કરવું શું ?

આ જ. અપેક્ષાની ચિંતા ન કરવી, પણ અપેક્ષાપૂર્તિના આગ્રહથી તો મનને સો ટકા મુક્ત રાખવું.

એક વાત યાદ કરાવું ?

ધનલંપટ જેમ ધન સિવાયના, ભોગલંપટ જેમ ભોગ સિવાયના, વાસનાલંપટ જેમ વાસના સિવાયના તમામ પરિબળોને ગૌણ કરી શકે તેમ પ્રેમલંપટ પ્રસન્નતા સિવાયના તમામ પરિબળોને ગૌણ કરવાનું પ્રચંડ સામર્થ્ય ધરાવતો હોય છે.

અને હકીકત એ છે કે અપેક્ષાપૂર્તિનો આગ્રહ પ્રસન્નતાને ખંડિત કરતો જ રહે છે.

કારણ ? અપેક્ષાને જન્મ આપવાનું કામ ભલે મન કરે છે, પણ અપેક્ષાને પૂર્ણ કરવાનું કામ તો પુણ્ય જ કરતું હોય છે




અને જરૂરી નથી કે પુણ્ય કાયમ આપણી તરફેણમાં જ હોય, આપણને અનુકૂળ જ હોય, આપણી આજ્ઞામાં જ હોય.

સંદેશ સ્પષ્ટ છે.

**રાગ અને સ્વાર્થ શરતના શરણમાં રહીને પ્રેમનું બલિદાન આપતા રહે છે. જ્યારે પ્રેમ પ્રસન્નતાના શરણમાં રહીને સંબંધોને અભયદાન આપતો રહે છે.**

આપણી પાસે આવો પ્રેમ ખરો ?



૧૦

# પ્રેયસ્સ્વભાવસ્વીકારઃ ।
## (જેના પર પ્રેમ છે એનો સ્વભાવ સ્વીકારી લેવો)

સંપત્તિદરિદ્રનો મનોગત સ્વીકાર જો એટલો પડકારજનક નથી તો સત્તાદરિદ્ર પ્રત્યેની સહાનુભૂતિ પણ એટલી પડકારજનક તો નથી જ.

સૌંદર્યદરિદ્ર સાથેની મૈત્રી જો એટલી કઠિન નથી તો સ્વાસ્થ્યકંગાળ સાથેની દોસ્તી પણ એટલી મુશ્કેલ તો નથી જ.

પણ,

**જે સ્વભાવક્ષેત્રે, દીન-હીન અને કંગાળ છે, ખોટો-ખરાબ અને ખતરનાક છે એનો હૃદયગત સ્વીકાર તો નવનેજાં પાણી ઉતારી નાખે તેવો છે અને છતાં આ પરાક્રમ પ્રેમ માટે ખૂબ આસાન છે.**

કારણ શું છે આની પાછળ ? એમ જો પૂછતા હો તો એનો જવાબ આ છે કે પ્રેમ એ કોઈ શક્તિ નથી, પણ સહનશક્તિ છે.

પગ પર ચડી ગયેલા મંકોડાને બચાવવા ખાતર પોતાના પગની ચામડી કાપી નાખે એ તાકાત પ્રેમની છે.

કીડીઓની વિરાધનાથી બચવા પ્રસન્ન ચિત્તે પોતાના પેટમાં કડવી તૂંબડી પધરાવી દઈને મોતને આમંત્રણ દેતી તાકાત એ પ્રેમ છે.

શબરીના એંઠાં બોર, સુદામાના તાંદુલ, વિદુરની શાકભાજી અને ચંદનબાળાના અડદના બાકુળા આ તમામને હસતે મુખડે સ્વીકારી શકે

એ પ્રેમ છે.

દિલની દીવાલ પર કોતરી રાખજો આ વાત કે પુણ્ય વધતાં વક્તૃત્વશક્તિ કે સંપત્તિશક્તિ, શારીરિકશક્તિ કે પ્રતિભાશક્તિ વધશે; પરંતુ પ્રેમ વધતા તો એક જ શકિત વધશે અને એ શક્તિનું નામ છે સહનશક્તિ.

અરે, હું તો આગળ વધીને ત્યાં સુધી કહીશ કે સહનશક્તિ વધારવી હોય તો જ પ્રેમના રવાડે ચડજો.

હા, આ સહનશક્તિ પુરસ્કારમાં તમને પરમાત્માની ભેટ આપીને અટકી જવાની નથી, પણ તમને સ્વયં પરમાત્મા બનાવી દેવાની છે.

પુનઃ યાદ કરાવું છું.

**પ્રેમનો સ્વભાવ ભલે શેરડી છે, લીમડાનો સ્વીકાર પણ મજેથી સ્વીકાર કરી શકે એ ય પ્રેમનો જ સ્વભાવ છે.**



# प्रेयसो निन्दात्यागः ।
## (જેના પર પ્રેમ છે એની નિંદા ન કરવી)

માણસ સ્વભાવે ભલે ને 'સારો' છે, એની હું નિંદા નહીં જ કરું એ નક્કી નથી.

કારણ ? બની શકે, એનું સારાપણું મારા ખરાબપણાં માટે પડકારરૂપ બની રહેતું હોય.

માણસ વ્યવહારમાં ભલે ને 'સાચો' છે, એનું સાચાપણું મને એની નિંદાથી દૂર જ રાખશે એ નક્કી નથી કારણ કે એનું સાચાપણું મારા ખરાબપણાં માટે શરમજનક બની રહે છે.

ભાઈ 'મારો' પોતાનો જ ભલે ને છે, એની નિંદા હું પણ કદાચ કરતો રહીશ કારણ કે પુણ્યક્ષેત્રે એનો થઈ રહેલ વિકાસ મારાથી જોયો જતો નથી.


**જો 'સાચા'ની પણ નિંદા, 'સારા'ની પણ નિંદા અને 'મારા'ની પણ નિંદા તો પછી નિંદા કોની નહીં?**

આ પ્રશ્નનો એક જ જવાબ છે.

મને જે 'પ્યારો' લાગે છે, એની નિંદા નહીં.

શું કહું ?

'પ્યારો' કદાચ 'સારો' ભલે નથી, 'સાચો' પણ કદાચ ભલે નથી અને 'મારો'



પણ ભલે નથી, પણ તો ય એની નિંદા હું નહીં કરું જો એ મને 'પ્યારો' લાગે છે તો અને હકીકત એ છે કે કોઇ પણ જીવ આપણને 'પ્યારો' ત્યારે જ લાગે છે જ્યારે એ જીવ પ્રત્યે આપણું હૈયું પ્રેમસભર હોય છે !

વાસ્તવિકતા જ્યારે આ જ છે ત્યારે બે પ્રશ્ન આપણે આપણી જાતને પૂછતા રહેવાની જરૂર છે.

૧. આપણે કેટલા જીવોને 'પ્યારા' લાગી રહ્યા છીએ ?

જો એમાં ગરબડ છે તો એના કારણો શું છે ? અને

૨. કેટલા જીવો આપણને 'પ્યારા' લાગી રહ્યા છે ?

એ આંકડો જો મામુલી છે તો એનું મૂળ શું છે ?

આ બંને પ્રશ્નોના જવાબ આપું ?

સ્વભાવ આપણો સારો નથી એટલે બહુજનવર્ગને આપણે 'પ્યારા' લાગતા નથી અને દૃષ્ટિ આપણી મલિન છે એટલે બહુજનવર્ગ આપણને 'પ્યારો' લાગતો નથી.

એટલું જ કહીશ કે **આ જીવનની પ્રથમ નંબરની સફળતા આપણને સહુ 'પ્યારા' લાગે એમાં છે અને બીજા નંબરની સફળતા આપણે સહુને 'પ્યારા' લાગીએ એમાં છે.**



૧૨

# પ્રાતિકૂલ્યેનાચ્યવનમ્ ।
# (પ્રતિકૂળતાથી ડગવું નહીં)

રણપ્રદેશમાં તમે પાણીની શોધમાં નીકળો અને પ્રતિકૂળતાથી ડરતા રહો તો શક્ય છે કે તમારે કદાચ જાનથી હાથ ધોઈ નાખવા પડે.

મંદીના સમયમાં પૈસા કમાવવા તમે જાઓ અને તકલીફોથી જો તમે ડરતા રહો તો શક્ય છે કે ભિખારી થઈને તમારે લમણે રોવાના દિવસો આવે.

ઑલિમ્પિકમાં સુવર્ણચન્દ્રક મેળવવાના લક્ષ્ય સાથે તમે કુસ્તીની રમતમાં ઉતરતા હો અને પ્રતિસ્પર્ધીના પ્રહારોની કલ્પનાથી તમે કાંપવા લાગો તો શક્ય છે કે પિત્તળના ચન્દ્રકના નામનુંય તમારે નાહી નાખવાનું રહે.

**જે પ્રેમમાં આત્માને પરમાત્મા બનાવી દેવાનું પ્રચંડ સામર્થ્ય ધરબાયેલું છે એ પ્રેમને એક બાજુ તમે જીવંત રાખવા માગો છો અને બીજી બાજુ એના જીવંત રાખવાના માર્ગ પર આવતી પ્રતિકૂળતાઓથી જો તમે બચતા રહેવા અને ડરતા રહેવા માગો છો તો પ્રેમના નામનું તમારે નાહી નાખવાનું જ રહે.**

શું કહું ?

નકલી હીરાઓ આપણી ઇચ્છા પ્રમાણે પેદા કરી શકાય છે, પણ અસલી હીરાઓ મેળવવા માટે તો જેમ ખાણમાં જ ઉતરવું પડે છે, નકલી સુવર્ણનું નિર્માણ તો આપણી ઇચ્છા પ્રમાણે કરી શકાય છે, પણ અસલી સુવર્ણ માટે તો જેમ ખાણમાં ઉતરવાનું જોખમ ઉઠાવવું જ પડે છે.

નકલી મોતીઓ તો જેમ ચોર બજારમાં જઇને પણ મેળવી શકાય છે, પણ અસલી મોતીઓ મેળવવા માટે તો જાનને હાથમાં



લઈને મરજીવા બનીને સાગરના તળિયે જવાનું સાહસ દાખવવું જ પડે છે તેમ **નકલી પ્રેમ તો વાક્પટુતાથી, કપટસભર વ્યવહારથી કે દંભ ભરપૂર વ્યહારથી ય કરી શકાય છે અને દર્શાવી શકાય છે, પણ અસલી પ્રેમ તો પ્રતિકૂળતાની આગ વચ્ચે જ, તકલીફોની વણઝાર વચ્ચે જ, કષ્ટોના વાવાઝોડા વચ્ચે જ પરખાતો હોય છે અને પકડાતો હોય છે.**

એટલું જ કહીશ, પરમાત્માની જેમ પ્રેમને પણ સાધ્ય બનાવી લો. પરમાત્મા બનવાનું નક્કી થઈ જશે.



# છિદ્રગવેષણતાત્યાગ: ।
## (દોષ શોધવાની વૃત્તિનો ત્યાગ)

બે વાંદરા ભેગા થાય એટલે તમે જોયું હશે કે એકબીજાને તેઓ ખણ્યા જ કરે.

પણ, બે હંસ ભેગા થાય ત્યારે એકબીજા પર પાણીની છાલક જ ઉડાડ્યા કરે.

કબૂલ, છિદ્ર બાલદીમાં પણ હોય છે, જમીનમાં પણ હોય છે અને વાંસળીમાં પણ હોય છે તો નવરાત્રિના દિવસો દરમ્યાન કન્યાઓને મસ્તકે રહેતી ગરબીમાં પણ હોય છે.

પણ, બાલદીમાં રહેલા છિદ્ર બાલદીમાં રહેલ જળસંગ્રહની તાકાતને તોડી નાખતું હોય છે, જમીનમાં રહેલ છિદ્ર જળસંગ્રહની ક્ષમતાને અક્ષુણ્ણ રાખીને પાકના સર્જનને જન્મ આપતું હોય છે.

**વાંસળીમાં રહેલ છિદ્ર મધુર સૂરો રેલાવીને મસ્તક ડોલાવી દેતું હોય છે.**

જ્યારે ગરબીમાં રહેલ છિદ્રો ગરબીમાં રહેલ દીપકના પ્રકાશને બહાર રેલાવીને અંધકાર ચીરતા રહેતા હોય છે.

આનો તાત્પર્યાર્થ ? આ જ કે દરેક છિદ્ર કલંકપ્રદ જ હોય છે એવું ય નથી તો દરેક છિદ્ર ગૌરવપ્રદ હોય છે એવું ય નથી.

અરે, વાંસને ગૌરવપ્રદ બનાવવા એનામાં છિદ્રો પાડવા પડે છે તો બાલદીને સામર્થ્યહીન બની જતી અટકાવવા એનામાં પડી ગયેલ છિદ્રો બંધ કરવા પડે છે.

આ જ વાસ્તવિકતા લાગુ પડે છે, છિદ્રો શોધવાની વૃત્તિની બાબતમાં.

ટાયરને સશક્ત રાખવા સામે ચડીને એનામાં ક્યાંય છિદ્રો પડી ગયા તો નથી ને ? એ શોધવું પડે છે તો ન ગમતી વ્યક્તિ પ્રત્યે મનમાં ગાંઠ ન બંધાતી રહે એ માટે એના જીવનમાં રહેલ છિદ્રો જોવા પ્રત્યે આંખમીંચામણાં કરતા રહેવા પડે છે.

સંદેશ સ્પષ્ટ છે.

**તમારું હૈયું જો પ્રેમથી લબાલબ છે તો એ એવું કશું ય નહીં જુએ કે જેના કારણે પ્રેમ પાનખરની અનુભૂતિ કરવા લાગે અને એ એવું જોયા વિના નહીં જ રહે કે જેના કારણે પ્રેમ વસંતની અનુભૂતિ કરતો જ રહે.**

આ સંદર્ભમાં છેલ્લી વાત.

પ્રેમમાં એવી પ્રચંડ શકિત છે કે એ અવગણનાને ગણનામાં અને અંતરાયને આશામાં ફેરવી નાખ્યા વિના રહેતી જ નથી.



# સ્વાऽऽशयानिह्नुतिः ।
## (પોતાનો આશય ન છૂપાવવો)

ડૉક્ટર સમક્ષ પોતાના રોગને છૂપાવનાર દર્દીને ઇનામ (?) માં બે ચીજ મળી શકે.

૧. રોગવૃદ્ધિ અને ૨. શીઘ્ર મોત.

સી.એ. સમક્ષ પોતાના આવકના સ્ત્રોતને છૂપાવનાર ક્લાયન્ટને પુરસ્કાર (?) માં બે ચીજ મળી શકે.

૧. દંડ અને ૨. જેલ.

વકીલ સમક્ષ વાસ્તવિકતાને છૂપાવનાર અસીલના લમણે બે પરિબળો ઝીંકાઇ શકે.

૧. નુકસાન અને ૨. સજા.

પથદર્શક ગુરુદેવ સમક્ષ પારદર્શક ન બન્યો રહેતો શિષ્ય બે ચીજ ગુમાવે.





૧. આત્મહિત અને ૨. ગુરુનું હેત.

જેના પ્રત્યે મારા હૈયામાં નિર્વ્યાજ પ્રેમ છે એની સમક્ષ પણ હું જો દંભી બન્યો રહું છું તો હું બે નુકસાનીને અચૂક આમંત્રણ આપી રહ્યો છું.

૧. વિશ્વાસઘાતને અને ૨. અંતઃકરણ સાથેની છેતરપીંડીને.

એક વાત યાદ કરાવું ?

આખા જગતને આપણે જીતી શકીએ છીએ સરળતાથી અને જીતી લીધેલા આખા જગતને પણ આપણે હારી શકીએ છીએ વક્રતાથી.

હકીકત આ જ હોવા છતાં કોણ જાણે કેમ સરળતાથી આપણે બચતા રહીએ છીએ અને વક્રતા સાથે આપણે દોસ્તી જમાવતા રહીએ છીએ.

પરિણામ ?

મનને ભટકવાના સરનામાંઓ તો પુષ્કળ મળતા રહે છે, પણ હૃદયને ઠરવાનું એક પણ સરનામું મળતું નથી.

દંભી સ્મિત તો બધેથી મળતું રહે છે, પણ સાચા આંસુ ક્યાંય મળતા નથી.

પસંદ કરનારાઓ તો પારાવાર મળતા રહે છે, પણ પ્રેમ કરનારું કોઈ જ મળતું નથી.

આ કરુણતાના શિકાર બનવાથી જીવનને ઉગારી લેવું છે ? એક કામ ખાસ કરીએ.

સર્પ બહાર ગમે તેમ, વાંકો-ચૂકો ચાલે છે, પણ દરમાં તો સીધો જ ચાલે છે ને ?

કેદી અન્ય કેદીઓ સામે ગમે તેવો આડો ચાલે છે, પણ ખૂંખાર જેલર સામે તો સીધો જ ચાલે છે ને ?

બસ, **બીજાઓ સાથે આપણો વ્યવહાર ગમે તેવો હોય, પણ સાચે જ આપણે જેને હૃદય આપી દીધું છે, હૃદયમાં જેને આપણે 'આત્મીય'નું સ્થાન આપી દીધું છે, કમ સે કમ એની સમક્ષ તો આપણે જેવા છીએ તેવા ઉઘાડા થઈને જ રહીએ.**

યાદ રાખજો, પ્રેમના જગતમાં જે ઉઘડી શકે છે એ જ ઊગી શકે છે. બાકી જે બંધ રહે છે એ તો ઉખડી ગયા વિના રહેતો નથી.

# उपकारस्य सततं स्मरणम् ।

## (ઉપકારને સતત સ્મરવા)

માણસ એકલો સફળ બની શકે, પણ એકલાથી જ તો સફળતા ન મળે.

જન્માષ્ટમીના દિને સાત માળ ઊંચી બંધાયેલ મટકીને એકલો ગોવિંદો ફોડી તો શકે, પણ અનેક ગોવિંદાઓના ખભાની સહાય લીધા વિના એ ત્યાં સુધી પહોંચી તો ન જ શકે.

બસ, એ જ ન્યાયે માણસ એકલો જીવી તો શકે, પણ અનેકના સહયોગ વિના અને અનેકની સહાય લીધા વિના તો ન જ જીવી શકે. જળ આપણાં વિના સુરક્ષિત, પણ જળ વિના આપણે સુરક્ષિત ખરા ?

પ્રાણવાયુના અસ્તિત્વને આપણાં વિના કોઈ જ ખતરો નહીં, પણ પ્રાણવાયુ વિના આપણું અસ્તિત્વ સંભવિત ખરું ?

વનસ્પતિ આપણાં વિના પણ મજામાં, પણ વનસ્પતિ વિના આપણાં ચહેરા પર સ્મિત ખરું ?

હરગિજ નહીં.

સંદેશ સ્પષ્ટ છે.

**ઉપકાર કર્યા વિના આપણે જીવી શકીએ છીએ, પણ ઉપકાર લીધા વિના આપણે જીવી શકીએ એવી તો એક ટકો પણ શક્યતા નથી.**

વાસ્તવિકતા જ્યારે આ જ છે ત્યારે મનમાં જે પ્રશ્ન ઊઠે છે એ આ છે.

ઉપકાર વિસ્મરણ થતું જ નથી કે ઉપકાર સ્મરણ આપણે કરવું પડે છે ?



પ્રાણવાયુ આપણે સતત લઈએ જ છીએ અને એ છતાં આપણે જેમ એનું સ્મરણ કરવું પડતું નથી તેમ સતત અનેકના ઉપકારો આપણે લેતા રહીએ છીએ અને એ છતાં આપણે એને સ્મૃતિપથ પર લાવવા પડતા નથી.

આનો તાત્પર્યાર્થ ? એ ઉપકારો સ્મૃતિપથ પર ગોઠવાઈ ગયેલા જ છે.

જ્યારે એક ભૂમિકા એવી છે કે જ્યાં આપણે ઉપકારો યાદ રાખવા પડે છે.

હૉસ્પિટલમાં આપણે દાખલ થવું પડ્યું હોય અને ત્યાં આપણને ઑક્સિજન ચડાવવો પડ્યો હોય તો હૉસ્પિટલમાંથી રજા મળ્યા પછી આપણે યાદ કરતા જ હોઈએ છીએ ને કે 'મારે ઑક્સિજન લેવો પડ્યો હતો !'

સંદેશ સ્પષ્ટ છે.

**પ્રેમ આપણો જો શિખર પરનો છે તો ત્યાં ઉપકાર વિસ્મરણ થતું જ નથી. પ્રેમ આપણો જો તળેટી પરનો છે તો ત્યાં ઉપકાર સ્મરણ આપણે કરવું પડે છે અને હૈયું આપણું જો પ્રેમશૂન્ય છે તો ત્યાં ઉપકાર સ્મરણ થતું જ નથી.**

સાવધાન !



# 2 प्रेम्णः स्वरूपाणि
## પ્રેમના સ્વરૂપ


16 
पीडाऽविनाभावि
પ્રેમ પીડા વિનાનો ન હોય ૩૪

17 
कृपासन्मुखम्
કૃપાને અભિમુખ હોય તે પ્રેમ ૩૬

18 
सर्वयोगान्तर्हितम्
સર્વ યોગોમાં જે સમાયેલો હોય તે પ્રેમ ૩૮

19 
ग्रन्थेर्मोचनम्
ગાંઠ છોડવી તે પ્રેમ ૪૦

20 
सरलहृदयसम्भवम्
સરળ હૃદયમાંથી ઉત્પન્ન થાય તે પ્રેમ ૪૨

21 
कदर्यतारहितम्
કૃપણ ન હોય તે પ્રેમ ૪૪

22 
गुणदृष्टिविकसनम्
ગુણ જોવાની વૃત્તિનો વિકાસ તે પ્રેમ ૪૬

23 
शङ्कापङ्काऽखरण्टितम्
શંકારૂપી કાદવથી ન ખરડાય તે પ્રેમ ૪૮

24 
अहीयमानशीलम्
ન ઘટવાના સ્વભાવવાળો હોય તે પ્રેમ ૫૦

25  मन:प्रशस्तसंवेदनम्
મનનું પ્રશસ્ત સંવેદન તે પ્રેમ ૫૨

26  चैतन्यप्रियम्
જેને ચેતનતત્ત્વો ગમે તે પ્રેમ ૫૪

27  विस्तारप्रियम्
જેને વિસ્તાર ગમે તે પ્રેમ ૫૬

28  सदा उपलब्धम्
સદા ઉપલબ્ધ હોય તે પ્રેમ ૫૮

29  अहङ्कारप्रतिपन्थि
અહંકારનો દુશ્મન હોય તે પ્રેમ ૬૦

30  प्रेयस: पराजयकामि
પ્રિય વ્યક્તિથી હારવા ઈચ્છે તે પ્રેમ ૬૨

31  प्रेयोहृदयजयनकाङ्क्षि
પ્રિયનાં હૃદયને જીતવા ઈચ્છે તે પ્રેમ ૬૪

32  निरपायम्
અપાય વિનાનો હોય તે પ્રેમ ૬૬

33  सर्वंसहम्
બધું સહન કરે તે પ્રેમ ૬૮

34  सकलगुणगर्भम्
બધાં ગુણોનો ગર્ભ પ્રેમ છે ૭૦

35  फललिप्सापराङ्मुखम्
ફળ પામવાની ઈચ્છાથી ઉન્મુખ હોય તે પ્રેમ છે ૭૨

## ૧૬ પીડાવિનાભાવિ ।
## (પ્રેમ પીડા વિનાનો ન હોય)

પથ્થરે જો પ્રતિમા બનવું છે, ટાંકણાના માર ખાવાની તૈયારી રાખવી જ પડે છે.

લાકડાએ જો ફર્નિચર બનવું છે, કપાવાની તૈયારી રાખવી જ પડે છે.

વન જો ઉપવનમાં રૂપાંતરિત થવા માગે છે, કુહાડી અને કાતરના પ્રહારો ઝીલવાની તૈયારી રાખવી જ પડે છે.

માખણ જો ઘી બનવા માગે છે, ગરમ ગરમ તાવડી પર ચડી જવા એણે સંમત થવું જ પડે છે.

માટી જો ઘડો બનવા માગે છે અને ઘડો જો મજબૂત બનવા માગે છે તો ચાકડા પર ગોઠવાઇ જવાની અને આગમાં સ્થિર થઇ જવાની તૈયારી એણે રાખવી જ પડે છે.

ટૂંકમાં,

**જે પણ વસ્તુ નિર્મિત થવા માગે છે, રૂપાંતરિત થવા માગે છે, બદલવા માગે છે એણે તૂટવાની તૈયારી રાખવી જ પડે છે.**

એક વાત તમને યાદ કરાવી દઉં.

ફૂલ કાંટા વિનાનું અને સુવાસ વિનાનું પણ મળી શકે છે, નદી પાણી વિનાની અને કીચડ વિનાની પણ મળી શકે છે,



વૃક્ષ ફળ વિનાનું અને પર્ણ વિનાનું પણ મળી શકે છે, શરીર પગ વિનાનું અને હાથ વિનાનું પણ મળી શકે છે, અરે, જીવ શરીર વિનાનો અને મન વિનાનો પણ મળી શકે છે.

**પણ, પ્રેમ પીડા વિનાનો અને પુરસ્કાર વિનાનો મળી જાય એવી તો કોઈ જ શક્યતા નથી.**

પ્રશ્ન એ થાય છે કે 'પ્રેમ' આખરે છે શું ? પ્રેમમાં એવું તો શું છે કે જે પ્રારંભે પીડાદાયક બનીને અંતે પુરસ્કારદાયક બનીને જ રહે છે ?

આ પ્રશ્નના આમ તો જાતજાતના જવાબો હોઈ શકે છે, પણ અપેક્ષાએ મને જે જવાબ ઠીક લાગે છે એ આ છે.

**પ્રેમનો અર્થ છે 'ગમવું' અને 'ગમવા'નો અર્થ છે સ્વીકારવું.**

તમે જેવા પણ છો, મને ગમો છો. ગમો છો એટલે સ્વીકાર્ય છો.

બસ, પ્રેમમાં રહેલ આ 'ગમવા'ની અને 'સ્વીકારવા'ની તાકાત જ આત્માને પુણ્ય-પ્રસન્નતા-પવિત્રતા યાવત્ પરમાત્માનો પુરસ્કાર આપીને જ રહે છે.



# कृपासन्मुखम् ।
## (કૃપાને અભિમુખ હોય તે પ્રેમ)

કમળ પણ ફૂલ અને સૂરજમુખી પણ ફૂલ. બંનેનો સંબંધ સૂરજ સાથે ખરો, પણ એ સંબંધમાં ફરક આસમાન-જમીનનો.

સૂર્યોદય થાય, સૂર્યના કિરણો સરોવર પર પડે અને સરોવરમાં બંધ રહેલ કમળો ઉઘડવા લાગે અને ધીમે ધીમે ક્રમશઃ પૂરેપૂરા ઉઘડી જાય.

પણ સૂરજમુખી ફૂલની આખી વાત જ ન્યારી. એનો નાતો સૂરજ સાથે એવો અતૂટ કે સંપૂર્ણ દિવસ દરમ્યાન એ સૂરજને અભિમુખ જ રહે.

સૂરજ સતત ભલે પોતાનું સ્થાન અને દિશા બદલતો રહે. એક પણ શબ્દ બોલ્યા વિના કે એક પણ પ્રકારની ફરિયાદ કર્યા વિના સૂરજમુખી ફૂલ સૂર્યને જ અભિમુખ બન્યું રહે.

બસ, **પ્રેમ ગુલાબ, ચંપા, મોગરા કે કમળ જેવો નથી હોતો, પણ આ સૂરજમુખી ફૂલ જેવો હોય છે. સૂરજમુખી સતત સૂરજને અભિમુખ તો પ્રેમ સતત કૃપાને અભિમુખ. સૂરજમુખીને નેતૃત્વમાં રસ નહીં, પણ અનુસરણમાં રસ.**

**બસ, એ જ ન્યાયે પ્રેમને માલિક બનવામાં રસ નહીં, પણ સેવક બનવામાં રસ. પ્રકાશિત થવામાં રસ નહીં, પણ પ્રકાશને અનુસરવામાં રસ.**

**એક નક્કર વાસ્તવિકતા જણાવું ?**

**જિંદગીના આટલા વરસો**

**દરમ્યાન આપણે કેવળ અને કેવળ શક્તિને અભિમુખ જ રહ્યા છીએ, સત્યને અભિમુખ રહ્યા જ નથી. ક્રૂરતા-કઠોરતા-કુટિલતા-કૃપણતા અને કૃતઘ્નતાને અભિમુખ જ રહ્યા છીએ, કૃપાને અભિમુખ રહ્યા જ નથી.**

કારણ ? કૃપા યાચકભાવને બંધાયેલી છે અને મનને દાયકભાવ જ જામ્યો છે. કૃપા દીનભાવને બંધાયેલી છે અને મનને હીનભાવ જ જામ્યો છે. કૃપા નમસ્કારભાવને બંધાયેલી છે અને મનને તિરસ્કારભાવ જ જામ્યો છે.

એક કામ કરો.

વીતેલા વરસો દરમ્યાન જીવનમાં એક પણ સરનામું એવું દેખાય છે ખરું કે જ્યાં આપણે એ સરનામાને જ અભિમુખ રહ્યા હોઈએ ? ન કોઈ ફરિયાદ કે ન કોઈ સુઝાવ. બસ, એ સરનામું આગળ અને આપણે એ સરનામાની પાછળ ?

આ પ્રશ્નનો જવાબ જો 'ના' છે તો એનો અર્થ એટલો જ છે કે આપણે દુર્યોધન બની શક્યા છીએ, અર્જુન નથી બની શક્યા, અરે, કદાચ અર્જુન પણ બની શક્યા છીએ, એકલવ્ય નથી બની શક્યા ! છે ને કરુણતા ?

**એટલું જ કહીશ કે 'પ્રેમ' કેવળ અઢી અક્ષરનો શબ્દ જ નથી, અઢી અક્ષરનું ઉપનિષદ છે. એની અભિમુખ જે બન્યો એ પ્રભુ બન્યો જ સમજો.**

# સર્વયોગાન્તર્હિતમ્ ।
## (સર્વ યોગોમાં જે સમાયેલો હોય તે પ્રેમ)

સુવાસ બધા જ પુષ્પોમાં નહીં, સાકર બધી જ મીઠાઈઓમાં નહીં, જળ બધી જ નદીઓમાં નહીં, માટી બધા જ ઘડાઓમાં નહીં, સુવર્ણ દરેક અલંકારોમાં નહીં, તંદુરસ્તી દરેક શરીરોમાં નહીં, મંદિર દરેક ગામોમાં નહીં, ખાનદાની લોહીના દરેક બુંદમાં નહીં, મર્દાનગી દરેક બળવાનમાં નહીં, સંયમ પ્રત્યેક મુનષ્ય પાસે નહીં.

પણ પ્રેમ ?

**એક પણ શુભ યોગ એવો નહીં કે જેમાં પ્રેમ નહીં.**



**એક પણ ઉત્તમતા એવી નહીં કે જેમાં પ્રેમ નહીં. એક પણ ઉત્તમ પુરુષ એવો નહીં કે જેનામાં પ્રેમ નહીં.**

**એક પણ ઉદાત્ત હૃદય એવું નહીં કે જેમાં પ્રેમ નહીં. એક પણ સાધક આત્મા એવો નહીં કે જેનામાં પ્રેમ નહીં.**

**એક પણ જ્ઞાની એવો નહીં કે જેનામાં પ્રેમ નહીં.**

**એક પણ ધર્માત્મા એવો નહીં કે જેનામાં પ્રેમ નહીં** અને **એક પણ પરમાત્મા એવા નહીં કે જેમનામાં પ્રેમ નહીં.**

શું કહું ? સંસારજગતમાં કેટલીક વ્યક્તિ જ 'બ્રાન્ડ' હોય છે અને એના કારણે એની પાસે આવેલ દરેક વસ્તુને બહુજનવર્ગ 'બ્રાન્ડ' બનાવી દે છે.

કો'ક ખ્યાતનામ ક્રિકેટર પાસે ભલે ને ફાટેલું પેન્ટ છે, બહુજનવર્ગ એને 'જિન્સ' જાહેર કરીને બ્રાન્ડ બનાવી દે છે તો કો'ક પ્રસિદ્ધ ફિલ્મી હીરોના મસ્તક પરના વાળ ભલે ને બાવળ જેવા તીક્ષ્ણ છે, અક્કલહીન બહુજનવર્ગ એને 'સ્ટાઈલ' જાહેર કરીને બ્રાન્ડ બનાવી દે છે.

જ્યારે બીજી બાજુ કેટલીક વસ્તુ જ બ્રાન્ડ હોય છે અને એના કારણે એ વસ્તુ જેની પાસે હોય છે એ સ્વયં બ્રાન્ડ તો નથી બની જતો પણ સમૂહ વચ્ચે એનો વટ તો અચૂક પડે છે.

'રાડો' ઘડીયાળ, બી.એમ.ડબલ્યૂ કાર વગેરે બ્રાન્ડ વસ્તુઓ ભલે ને ગુંડા પાસે છે કે ડાકૂ પાસે છે. એક વાર એના વર્તુળમાં તો એનો વટ પડતો જ રહે છે.

પણ સબૂર ! **'પ્રેમ' એ એક એવી બ્રાન્ડ છે કે જે એના સ્વામીને પણ બ્રાન્ડ બનાવીને જ રહે છે.**

**ડાકૂ પ્રેમાળ બન્યો ? પરમાત્મા બની ગયો.**

**ખૂની પ્રેમમય બન્યો ? પરમાત્મા બની ગયો.**

**બળાત્કારી પ્રેમના શરણે ગયો ? નિર્વિકારી બની ગયો.**

**વ્યભિચારી પ્રેમના ખોળામાં બેઠો ? સ્વરૂપરમણતાનો સ્વામી બની ગયો.**

આવો, આ બ્રાન્ડ પ્રેમના શરણે જવામાં આપણે રીતસરની દોટ જ લગાવીએ.





# ગ્રન્થેર્મોચનમ્ ।
## (ગાંઠ છોડવી તે પ્રેમ)

ગાંઠ ગળામાં ? ખોરાક ગળા નીચે ઉતરે નહીં.

ગાંઠ દોરામાં ? સોયની અંદર એનો પ્રવેશ થાય નહીં.

ગાંઠ શેરડીમાં ? એ સ્થળે રસ બને નહીં.

ગાંઠ રૂમાલમાં ? વસ્તુનો સંગ્રહ કરી શકાય નહીં.

ગાંઠ મનમાં ? પ્રેમને અભયદાન આપી શકાય નહીં.

યાદ રાખજો,



લીમડામાં કડવાશ જ હોય છે, મીઠાશ નથી હોતી, સાકરમાં મીઠાશ જ હોય છે, કડવાશ નથી હોતી, પણ મનમાં ? વેરની કડવાશ પણ હોય છે તો પ્રેમની મીઠાશ પણ હોય છે, તિરસ્કારની કડવાશ પણ હોય છે તો સત્કારની મીઠાશ પણ હોય છે, સંક્લેશની કડવાશ પણ હોય છે તો પ્રસન્નતાની મીઠાશ પણ હોય છે, ફરિયાદભાવની કડવાશ પણ હોય છે તો ધન્યવાદના ભાવની મીઠાશ પણ હોય છે.

પણ સબૂર !

તમારી પાસે પ્રેમનો વૈભવ

નહીં, પણ પ્રેમનો સદ્‌ગુણ છે જ એ જાણવાની કોઇ એક જ પારાશીશી હોય તો એ આ છે.

**પ્રકાશ એ જેમ અંધકારનો દુશ્મન નથી, પણ અંધકારનો અભાવ છે તેમ પ્રેમ એ ગાંઠનો દુશ્મન નથી, પણ ગાંઠનો અભાવ છે.**

ચહેરા પરનું સ્મિત એ જેમ સમસ્યાઓના અભાવનું નહીં, પણ સમસ્યાઓને ઘોળીને પી જવાના સામર્થ્યનું સૂચક છે તેમ પ્રેમ એ દુશ્મનોના અભાવનું નહીં, પણ દુશ્મનાવટની વૃત્તિને ઘોળીને પી જવાના સામર્થ્યનો સૂચક છે.

હા, આવા મસ્ત અને વંદનીય ગાંઠમુક્ત પ્રેમની અનુભૂતિ આપણે જો કરવા માગીએ જ છીએ તો આ વાત દિલની દીવાલ પર કોતરી જ રાખવી કે **પ્રેમ એ કાંઇ વાટકી વ્યવહાર નથી કે સામો કરે તો જ આપણે કરવો. પ્રેમ એ તો એક એવી મનની ઉદાત્ત વ્યવસ્થા છે કે જે સ્વયંને આધીન છે. સામાના સાનુકૂળ કે પ્રતિકૂળ વ્યવહારની સાથે એને કોઇ જ લેવા-દેવા નથી.**

શું કહું ?

અનંતભવે પણ આપણને આવા પ્રેમનો અનુભવ નથી થયો અને એટલે જ આપણે સ્મૃતિપથમાં એવા કચરાઓ સંઘરીને બેઠા છીએ કે જેના સ્મરણો વાગોળતા આપણને હાંફ પણ ચડી જાય છે, ત્રાસ પણ અનુભવાય છે અને થાક પણ લાગી જાય છે.

આ અપાયથી જાતને મુક્ત કરી દેવી છે ? મનમાં ગાંઠો પડવાનું શરૂ નહોતું થયું એવા બાળપણને પુનઃ ધબકતું કરી દઇએ. ચમત્કાર સર્જાઇને જ રહેશે.





# सरलहृदयसम्भवम् ।
## (સરળ હૃદયમાંથી ઉત્પન્ન થાય તે પ્રેમ)

તમે સાપને જોયો જ હશે. એ કદાચ બિનઝેરી હોય તો ય એના પર કોઈ વિશ્વાસ ન મૂકે એનું દર્શન તો ડરાવે જ, એની કલ્પના પણ ડરાવે, એનું નામ પણ ડરાવે અને એનું સ્થાન પણ ડરાવે.

પ્રશમરતિ પ્રકરણ નામના ગ્રંથમાં માયાવીને, કપટીને, દંભીને, વક્રને, ચાલબાજને, ચાલકને 'સર્પ'ની ઉપમા આપી છે.

એ કોઈને ન છેતરતો હોય તો ય, કોઈની સાથે રાજરમત ન રમતો હોય તો ય અને કોઈને સીસામાં ન ઉતારતો હોય તો ય એનો ભરોસો કરવા કોઈ તૈયાર હોતું નથી.

જ્યારે સરળ હૃદયને તો શાસ્ત્રકારોએ પરમાત્માને પધારવાનું આમંત્રણ આપતી આમંત્રણપત્રિકા તરીકેનું ગૌરવ આપ્યું છે.

'સરળ તણે હિયડે જે આવે,
એમ જણાવે બોલી જી'

કબૂલ,

**ફાટી ગયેલ દૂધ પનીરને જન્મ આપી શકે છે, કીચડ કમળને જન્મ આપી શકે છે, વિષ્ટા ઉત્તમ ખાતરને જન્મ આપી શકે છે અને આશ્રવને સમ્યક્દર્શનના માધ્યમે સંવર બનાવી શકાય છે, પણ તમે જો પ્રેમને જન્મ આપવા માગો છો તો**

**ત્યાં સરળ હૃદયનો ગર્ભ જ સફળ થાય છે, કપટી મનનો ગર્ભ તો ક્યારેય નહીં.**

એક વાત યાદ રાખજો.

સાગર તરફ જઇ રહેલ દરેક નદીને રણપ્રદેશમાંથી ગુજરવું જ પડે એ જરૂરી નથી અને અબજપતિ બનવા નીકળેલ દરેક યુવકે કૉલેજની પરીક્ષામાં પાસ થવું જ પડે એ ય જરૂરી નથી, પણ પુણ્ય વધારવા નીકળેલા દરેક સાધકે, પ્રેમને જન્મ આપવા માગતા દરેક પ્રેમીએ અને પરમાત્મા બની જવા માગતા દરેક ભક્તએ સરળ હૃદયના સ્વામી બન્યા રહેવું તો અનિવાર્ય જ છે.

કારણ ?

ટપાલ ગમે તેટલી સાચી પણ હોય અને સારી પણ હોય છતાં એને ઈચ્છિત સરનામે પહોંચાડવામાં જેમ એના પર સાચું સરનામું લખવું અનિવાર્ય જ છે તેમ, તમારી આદત ગમે તેટલી સારી હોય, તમારી દાનત પણ ગમે તેટલી સારી હોય, મંજિલે પહોંચી જવામાં સફળ બનવા તમારી પાસે પ્રેમ હોવો અનિવાર્ય છે અને એ પ્રેમ જે સરળ હૃદયમાંથી જન્મે છે એ સરળ હૃદય હોવું અનિવાર્ય છે.



યાદ રાખજો,

**પથદર્શક બહારથી મળી શકે છે, પાથેય બહારથી મળી શકે છે, પથદેશક બહારથી મળી શકે છે અને પથ પણ બહારથી મળી શકે છે, પણ પારદર્શક તો આપણે પોતે જ થવું પડે છે અને પારદર્શક બન્યા રહેવાની એક જ શરત છે, સરળ હૃદય !**

૨૧

प्रेरणा: स्वरूपाणि



# कदर्यतारहितम् !
## (કૃપણતા ન હોય તે પ્રેમ)

વૃક્ષ ફળ આપે છે તો પુષ્પ સુવાસ !

વાદળ જળ આપે છે તો આસમાન અવકાશ !

સૂરજ પ્રકાશ આપે છે તો ચન્દ્ર ચાંદની !

આગ ઉષ્ણતા આપે છે તો વાયુ શીતળતા !

સાગર વાદળ આપે છે તો ઝરણાં ઠંડક !

સંપૂર્ણ પ્રકૃતિ સામે ગંભીરતાથી જોઈએ અને વિચારીએ તો આપણને સ્પષ્ટ ખ્યાલ આવી જાય કે 'પ્રદાન' એ પ્રકૃતિની આદત નથી, પણ પ્રકૃતિનો સ્વભાવ છે.

અને એટલે જ વૃક્ષને પથ્થર મારો છો તો ય એ ફળ આપે છે અને નદીમાં પથ્થર નાખો છો તો ય એ જળ આપે છે.

પુષ્પને હાથમાં મસળી નાખો છો તો ય એ સુવાસ આપે છે

અને સૂરજ સામે ધૂળ ઉડાડો તો ય એ પ્રકાશ આપે છે.

ચન્દ્રને ગાળો દો તો ય એ સૌમ્યતાનો અનુભવ કરાવે છે
અને આસમાનમાં તમે આગ લગાડો તો ય એ અવકાશ આપે છે.

બસ, **પ્રેમની પ્રકૃતિ પણ આવી જ હોય છે. એ અર્જન કરી શકે છે, સર્જન કરી શકે છે, પણ સંગ્રહ કરી રાખવાનું એના સ્વભાવમાં નથી.**

અને એટલે જ કહેવાયું છે ને કે 'તમારા હૈયામાં પ્રેમ ન હોય તો ય તમે ઉદાર બની શકો છો, પણ તમારા હૈયામાં પ્રેમ હોય એ પછી ય તમે કૃપણ રહી શકો એ તો સંભવિત જ નથી.'

આ ગણિતના આધારે આપણાં હૃદયમાં રહેલ પ્રેમના માર્કસ આપણે મૂકવા જઈએ તો આપણને કેટલા માર્કસ મળે ? સો માંથી સો ? નેવું ? સિત્તેર ? પચાસ ? પાંત્રીશ કે એથી ય ઓછા ?

યાદ રાખજો,

પરીક્ષામાં કોપી કરીને પાસ તો થઈ શકાય, પણ જીવનમાં આગળ તો ન જ વધી શકાય. બસ, એ જ ન્યાયે પ્રેમનો દાવો કરીને કેટલાક લોકો વચ્ચે થોડાક સમય વટ પાડી શકાય, કેટલાક લોકોને થોડાક સમય માટે છેતરી પણ શકાય અને કેટલાક સમય માટે આત્મસંતુષ્ટિ પણ અનુભવી શકાય.

પણ,

**પ્લાસ્ટિકનું ફૂલ જેમ મધમાખીને પોતાની તરફ આકર્ષિત કરવામાં નિષ્ફળ જાય છે, મૃગજળ જેમ હરણની તૃષા છિપાવવામાં નિષ્ફળ જાય છે તેમ આવો સ્વાર્થી અને તકલાદી પ્રેમ સદ્ગુણોનો ઉઘાડ કરવામાં કે પ્રસન્નતાના આસમાનમાં મનને વિહરતું કરી દેવામાં ધરાર નિષ્ફળ જાય છે.**

નકલી નોટથી બચીએ કે ન બચીએ, આવા તકવાદી
અને તકલાદી પ્રેમથી તો બચીએ જ બચીએ !

# गुणदृष्टिविकसनम् ।

## (ગુણ જોવાની વૃત્તિનો વિકાસ તે પ્રેમ)



તમે કાગડાને અને બુલબુલને બગીચામાં મૂકો અને કેટલાક સમય બાદ બંને પાસેથી બગીચાના સમાચાર મેળવો તો શક્ય છે કે કાગડા પાસેથી સાચા સમાચાર તો મળે, પણ બુલબુલ પાસેથી સાચાની સાથે સારા સમાચાર પણ મળે.

અર્થાત્ ?

અર્થાત્ આ જ કે બગીચામાં રહેલ પાંચ નંબરના છોડ પર સાતમા નંબરનું જે ફૂલ છે એની પાંખડીઓ તૂટી ગઈ છે એ સમાચાર તમને કાગડા પાસેથી મળે અને સાતમા નંબરના છોડ પર જે આઠ ફૂલો ખીલ્યા છે એમાંના સાત ફૂલો ગજબનાક સુવાસ રેલાવવા સાથે છોડ પર ઝૂમી રહ્યા છે એ સમાચાર તમને બુલબુલ પાસેથી મળે.

કાગડા પાસેથી જે સમાચાર મળ્યા એ સાચા તો ખરા, પણ એણે બગીચાની મુલાકાત લેવાના તમારા અરમાનો પર પાણી ફેરવી દીધું જ્યારે બુલબુલ પાસેથી જે સમાચાર મળ્યા એ સમાચારે તમારા મનમાં બગીચાની મુલાકાત લેવાના અરમાનો જગાડી દીધા !

હા,

**પ્રેમ પાસે આ બુલબુલ દૃષ્ટિ હોય છે, એને સાચું પણ જો નબળું હોય છે તો એ જોવાનો એટલો રસ નથી હોતો. એને તો રસ હોય છે સારું જ જોવાનો અને એટલે એ સાચામાં જે સારું હોય છે એ તો જોતો જ રહે છે, પણ ખોટામાં કે ખરાબમાં પણ જો કંઈક સારું હોય છે તો એ શોધવા એ પ્રયત્નશીલ બન્યો રહે છે.**

પ્રશ્ન એ થાય છે કે પ્રેમ પાસે આ તાકાત આવે છે કઈ રીતે ? કમળ જ દેખાય



અને કમળ નીચે રહેલ કાદવ ન જ દેખાય એ દૃષ્ટિ પ્રેમ પાસે આવે છે શી રીતે ?

છોડ પર ઊગેલ પાંચ પુષ્પો જ દેખાય અને પાંચ પુષ્પો આસપાસ રહેલ પચાસ કાંટાઓ ન જ દેખાય આ ક્ષમતા પ્રેમ પાસે આવે છે શી રીતે ?

આ પ્રશ્નનો જવાબ મેળવવા તમારે ભ્રમરને આંખ સામે રાખવો પડે, માનસરોવરના હંસને તમારે આંખ સામે રાખવો પડે, કોયલને તમારે નજર સામે રાખવી પડે અને કબૂતરને તમારે આંખ સામે રાખવું પડે.

**આ તમામ પાસે રહેલ ઉદાત્ત દૃષ્ટિ એ જો એ સહુને મળેલ જન્મજાત વરદાન છે તો સ્વાર્થ-દૃષ્ટિ, રાગદૃષ્ટિ અને મોહદૃષ્ટિ રવાના થયા પછી હૃદયમાં જે પ્રેમદૃષ્ટિ જાગ્રત થાય છે એને મળેલું આ જન્મજાત વરદાન હોય છે કે એ સારું જ જુએ છે, સારું જ જોઈ શકે છે અને સારું જ શોધતું રહે છે.**





# શઙ્કાપઙ્કાऽखरण्टितम् ।
## (શંકારૂપી કાદવથી ન ખરડાય તે પ્રેમ)

આસમાનમાં વેરાતા રહેતા અને ઘેરાતા રહેતા વાદળો એક-બે કે ત્રણ રંગના જ નથી હોતા, સફેદ-કાળા-લાલ-લીલા-પીળા-વાદળી વગેરે અનેક રંગોના હોય છે, પણ પ્રેમના આસમાનમાં જે વાદળો ઘેરાતા રહે છે એમાં ખતરનાક વાદળો બે જ પ્રકારના હોય છે. ૧. ઈર્ષ્યાના અને ૨. શંકાના. ઈર્ષ્યાના વાદળો મનને અસંતુષ્ટ રાખતા રહે છે જ્યારે શંકાના વાદળો મનને અજંપાગ્રસ્ત રાખતા રહે છે.

પણ સબૂર !

**જેણે પોતાના પ્રેમને વિશુદ્ધિનો સ્પર્શ આપી દીધો છે, 'શંકાનાં વિષઘટમાં દીર્ઘપ્રેમ મરેલા જોયા'ની વાત જેના મગજમાં જડબેસલાક ગોઠવાઈ ગઈ છે, 'તો...તો...ની અંતહીન શંકાઓ પર પૂર્ણવિરામ મૂકી દીધા વિના પ્રેમને જીવંત રાખી શકાય તેમ નથી જ' આ સત્ય જેના હૃદયમાં જડબેસલાક પ્રતિષ્ઠિત થઈ ચૂક્યું છે એ આત્મા પોતાના પ્રેમને શંકાના કાદવથી સર્વથા મુક્ત કરી દે છે.**

કારણ ?

પૂરણપોળીમાં આવી જતી કાંકરી જેમ પૂરણપોળી ખાવાની મજા બગાડી



નાખતી હોય છે, મુલાયમ શય્યામાં આવી જતી કાંકરી જેમ સૂવાની મજા બગાડી નાખતી હોય છે તેમ, પ્રેમસભર સંબંધોમાં જન્મ પામી જતી શંકાની કાંકરી ન કેવળ સંબંધોની પ્રસન્નતાને જ ખંડિત કરી નાખે છે, સંબંધોના શ્વાસભૂત ગણાતા વિશ્વાસનો જ સફાયો કરી નાખે છે.

એક વાત યાદ કરાવું ?

સંબંધોનું આદ્યબિંદુ ભલે પ્રેમ છે, પણ સંબંધોનું ટકાઉપણું તો વિશ્વાસ જ છે.

અને એટલે જ જ્યારે જ્યારે પણ સંબંધોમાં કડવાશ ઊભી થઈ છે ત્યારે ત્યારે પ્રેમમાં જ કડાકો નથી બોલાયો, સૌ પ્રથમ કડાકો તો વિશ્વાસમાં જ બોલાયો છે અને એ વિશ્વાસમાં કડાકો બોલાવાનું કામ શંકાએ જ કર્યું છે.

શું કહું ?

**વ્યવહારજગતમાં એમ કહેવાય છે કે પપ્પા જો મમ્મીને ખુશ રાખવામાં સફળ રહે છે તો બાબાને ખુશ રાખવાની મહેનત પપ્પાએ કરવી પડતી નથી.**

**આ જ વાત જો સંબંધના જગત માટે કહેવી હોય તો એમ કહી શકાય કે સંબંધ જો વિશ્વાસને ખુશ રાખી શકે છે તો સંબંધે પ્રેમને સલામત રાખવાની ચિંતા કરવી પડતી નથી.**

# अहीयमानशीलम् ।
## (ન ઘટવાના સ્વભાવવાળો હોય તે પ્રેમ)

ચિનગારીને પેટ્રોલ મળે એ પછી એ દાવાનળમાં જ રૂપાંતરિત થઇ જાય.

નદીમાં ઉપરવાસનું પાણી આવે એ પછી એ ધસમસતી જ વહેવા લાગે.

ધનલંપટને સફળતા મળે એ પછી એનો લોભ વધતો જ જાય.

ભક્તિલંપટને પ્રભુની નયનરમ્ય પ્રતિમાના દર્શન થઇ જાય એ પછી એના ભક્તિભાવમાં ઉછાળો જ આવવા લાગે.

બસ, આ જ વાત લાગુ પડે છે પ્રેમને. હૃદયમાં એક વાર પ્રેમ પ્રતિષ્ઠિત થઇ જાય છે એ પછી એ ઘટવાનું કે અટકવાનું નામ તો નથી લેતો, પણ સતત ને સતત વધતો જ જાય છે.

પ્રશ્ન તો એ થાય છે કે **વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેનું આકર્ષણ આજે ભલે ને ગમે એટલું છે, સમય જતાં એમાં કડાકો બોલાય જ છે, લોભ ભલે ને ગમે તેટલો તીવ્ર છે, ચોથા નંબરના સ્ટેજના કૅન્સરનું નિદાન થઇ ગયા પછી એમાં ય કડાકો બોલાય જ છે તો પછી પ્રેમમાં એવું તો શું છે કે એમાં કડાકો બોલાતો જ નથી ? એ ઘટવાનું નામ લેતો જ નથી ?**

આ પ્રશ્નનો જવાબ એક અલગ અભિગમથી આપું ?

સંપત્તિની તાકાત સમજી બેઠેલ ધનલંપટ માણસના મનમાં એક વાત સ્પષ્ટ બેસી ગઇ હોય છે કે 'મારી પાસે રહેલ પૈસા વધે કે ન વધે, પણ ઘટવા તો ન જ જોઇએ.'

રણપ્રદેશમાં મળી ગયેલ જળની તાકાત સમજી બેઠેલ મુસાફરના દિલમાં આ વાત જડબેસલાક બેસી ગઇ હોય છે કે 'અત્યારે મારી પાસે

રહેલ જળમાં વધારો થાય કે ન થાય, પણ કડાકો તો ન જ બોલાવો જોઇએ.'

બસ, આ જ માનસિકતા બની ચૂકી હોય છે પ્રેમીની.

**દુર્લભ એવા પ્રેમની ગજબનાક અનુભૂતિ થઇ ગયા પછી એના હૃદયમાં આ વાત સ્થિર થઇ ગઇ હોય છે કે 'મારી પાસે રહેલ દુર્લભ એવા આ પ્રેમમાં વધારો થાય કે ન થાય, પણ ઘટાડો તો ન જ થવો જોઇએ.'**

આ સંદર્ભમાં અતિ મહત્ત્વની વાત.

**પ્રતિકૂળતાના ઝંઝાવાતો વચ્ચે ય પ્રેમનું સ્થિરત્વ એ જ સાચી વીરતા.**





૨૫

प्रेरणा : स्वरूपाणि





## મન:પ્રશસ્તસંવેદનમ્ ।
## (મનનું પ્રશસ્ત સંવેદન તે પ્રેમ)

જ્યાં તમને સામાનો ઉપયોગ કરી લેવાનું નહીં, પણ સામાને ઉપયોગી બન્યા રહેવાનું મન થયા કરે છે એ છે, પ્રશસ્ત સંવેદન.

જ્યાં તમને સામાનો ઉપભોગ કરી લેવાની નહીં, પણ ઉપાસના કરતા રહેવાની લાગણી અનુભવાતી રહે છે એનું નામ છે, પ્રશસ્ત સંવેદન.

જ્યાં તમને સામાને તમારા પર ઉપકાર કરવા મજબૂર કરવાની નહીં, પણ સામા પર ઉપકાર કરવાની વૃત્તિ પ્રબળ બનતી રહે છે એનું નામ છે, પ્રશસ્ત સંવેદન.

જ્યાં તમારા મનના ખૂણે-ખાંચરે પણ પડેલ ઉત્પાતની વૃત્તિ પર પૂર્ણવિરામ

મૂકાઇ જાય છે અને ઉપશાંત બન્યા રહેવાની વૃત્તિ પ્રબળ બનતી રહે છે એનું નામ છે, પ્રશસ્ત સંવેદન.

અને જ્યાં ઉપદ્રવના તમામ રસ્તાઓ બંધ થઇ જઇને ઉત્થાનના તમામ રસ્તાઓ હાથવગાં અને હૈયાવગાં રહે છે એનું નામ છે, પ્રશસ્ત સંવેદન.

ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે **જ્યાં આપણાથી પણ વધુ કો'ક વ્યક્તિ આપણને આપણી લાગતી હોય અને એની પ્રસન્નતા ખાતર બધું જ ન્યોચ્છાવર કરી દેવાની લાગણી મનમાં સતત ધબકતી રહેતી હોય એનું નામ છે, પ્રશસ્ત સંવેદન.**



તમને ખ્યાલ હશે કે હૉસ્પિટલમાં બે-બે મહિનાથી બેહોશ પડેલા માણસને ય 'જીવતો' તો કહેવાય જ છે, છ-છ મહિનાથી વૅન્ટિલેટર પર રહેલ દર્દીને ય 'જીવતો' તો કહેવાય જ છે.

કૅન્સરના ચોથા સ્ટેજના છેલ્લા દિવસો પસાર કરી રહેલ દર્દીને ય 'જીવતો' તો કહેવાય જ છે અને આપઘાત કરી લેવાની તક શોધી રહેલ ડિપ્રેશનના દર્દીને ય 'જીવતો' તો કહેવાય જ છે, પણ અસલી 'જીવતો' તો એ જ હોય છે જેનું મન ઉત્સાહ-ધીરજ અને આશાથી લબાલબ હોય છે.

બસ, એ જ ન્યાયે જ્યાં સામી વ્યક્તિના શરીરને ચૂંથી લેવાની વૃત્તિ જ કેન્દ્રસ્થાને હોય છે એ વાસનાને ય 'પ્રેમ' કહેવાય છે અને સ્વાર્થવૃત્તિજન્ય આકર્ષણને ય 'પ્રેમ' કહેવાય છે, પણ જે પ્રેમ તમારા ખુદના અંતઃકરણની અદાલતમાં તમને પ્રસન્નતાપૂર્વક ઊભો રાખતો રહે એ 'પ્રેમ' જ અસલી પ્રેમ છે.

આ સંદર્ભમાં મહત્ત્વની વાત.

**પ્રેમ કરવાની ક્ષમતા કરતાં ય પ્રેમ કરવાની સજ્જતા જીવનને પ્રસન્નતાના આસમાનમાં ઊડતું કરી દેવાની વધુ ક્ષમતા ધરાવે છે.**

# ચૈતન્યપ્રિયમ્ ।
## (જેને ચેતનતત્ત્વો ગમે તે પ્રેમ)

કાચના ટુકડા અસલી હીરા વચ્ચેની પસંદગીમાં અસલી હીરાને ઓળખી કાઢે અને એને પસંદ કરી લે એ જ કુશળ ઝવેરી.

અસલી નોટ અને નકલી નોટ વચ્ચેની પસંદગીમાં અસલી નોટને પરખી લઇને એને પસંદ કરી લે એ જ કુશળ વેપારી.

દગાબાજ મિત્ર અને વિશ્વાસુ મિત્ર વચ્ચેની પસંદગીમાં વિશ્વાસુ મિત્રને જાણી લઇને એને પોતાનો સાથી બનાવી દે એ જ કુશળ રાજનેતા.

મિત્ર અને કલ્યાણમિત્ર વચ્ચેની પસંદગીમાં કલ્યાણમિત્રને સમજી લઇને એના પર પસંદગી ઉતારી દઇને એની પાસેથી જીવન અંગેનું અને સાધના અંગેનું માર્ગદર્શન મેળવતો રહે એ જ કુશળ સાધક.

અને

**પૂરણ-ગલન-પડન અને સડનનો સ્વભાવ ધરાવતા પુદ્ગલ અને જ્ઞાનાદિ અનંત ગુણોનો સ્વભાવ ધરાવતા ચૈતન્ય તત્ત્વ વચ્ચેની પસંદગીમાં ચૈતન્ય તત્ત્વની મહાનતા ઓળખી લઇને એને જ પોતાની પસંદગીનો વિષય બનાવતો રહે એ કુશળ પ્રેમી.**

એક વાતને ખાસ આંખ સામે રાખજો કે જડ અને જીવ વચ્ચેની પસંદગીનો જ્યારે વિકલ્પ જ નથી ઊભો થતો ત્યારે તો વિવેકને હાજર રાખીને વ્યવસ્થિત પસંદગી થઇ જાય છે.

પણ, એક બાજુ ૫૦ લાખની ગાડી છે અને બીજી બાજુ એ ગાડી સાથે પોતાની બાઇક ટકરાવી બેઠેલો ગરીબ યુવક છે. એ બે વચ્ચે પસંદગીનો વિકલ્પ આવે ત્યારે અસલી પ્રેમ ગાડીને ગૌણ કરીને બાઇકચાલક ગરીબ યુવકને જ પ્રાધાન્ય આપી દે.

કારણ ?

ગાડી જડ છે, યુવક ચૈતન્ય તત્ત્વ છે.

હા, એક બાજુ પેમેન્ટ લેવાનું હોય ૫૦ લાખનું અને



બીજી બાજુ જેની પાસેથી પેમેન્ટ લેવાનું છે એ વેપારી પેમેન્ટ ચૂકવવા પોતાની પાસે રહેલ તમામ વસ્તુઓ જો વેંચી નાખે તો એની બે યુવાન દીકરીઓ સાથે એને રસ્તા પર આવી જવું પડે એવી સ્થિતિ હોય તો અસલી પ્રેમ પેમેન્ટને ગૌણ બનાવી દઈને પણ વેપારીને સાચવી લે.



કારણ ?

પેમેન્ટ જડ છે, વેપારી ચૈતન્ય તત્ત્વ છે.

સંદેશ સ્પષ્ટ છે.

**ધૂમાડો દેખાય છે તો આગ છે જ.**

**ધજા દેખાય છે તો મંદિર છે જ.**

**પડછાયો દેખાય છે તો પ્રકાશ છે જ.**

**ચૈતન્ય તત્ત્વ સર્વત્ર પસંદગીનો વિષય બને છે તો પ્રેમ છે જ.**

## ૨૭

# विस्तारप्रियम् ।
## (જેને વિસ્તાર ગમે તે પ્રેમ)



અગાસી પરથી જમીન તરફ ફેંકાયેલ પથ્થર જમીન પર જ્યાં પડે ત્યાં જ રહી જાય, પણ અગાસી પરથી જમીન તરફ ફેંકેલ પાણી જમીન પર જ્યાં પડે ત્યાં જ ન પડ્યું રહેતા ચારેય બાજુ ફેલાઇ જાય.


ડ્રોઇંગ પેપર પર નાખેલ સ્યાહીનું ટીપું ડ્રોઇંગ પેપર પર જ્યાં પડે ત્યાં જ રહી જાય, પણ બ્લૉટિંગ પેપર પર નાખેલ સ્યાહીનું ટીપું ત્યાં જ ન રહી જતા આખા બ્લૉટિંગ પેપર પર છવાઇ જાય.

સંતોષીના હાથમાં આવી ગયેલ રૂપિયો એની પાસે જ રહી જાય, પણ લોભાંધ પાસે આવેલ રૂપિયો તો બજારમાં ફરતો થઇ જાય.

**પ્રેમ આવો છે, જમીન પર પડતા પાણી જેવો, બ્લૉટિંગ પેપર પર પડતા સ્યાહીના ટીપા જેવો અને લોભીના હાથમાં આવી જતાં રૂપિયા જેવો. એનો આરંભ કે પ્રારંભ ભલે કદમાં નાનો હોય, પણ પ્રતિસમય એ પોતાના વિસ્તરવાનું ક્ષેત્ર પહોળું અને પહોળું બનાવતો જ જાય.**

આપણાં હૃદયમાં રહેલ પ્રેમને આ ગણિતના આધારે આપણે તપાસતા રહેવાનો છે. એ હીયમાન બની રહ્યો છે ? અવસ્થિત બની રહ્યો છે કે પછી વર્ધમાન બની રહ્યો છે ?

એક સરળ ગણિત સમજાવું ? બહિર્જગતમાં અહં જેનાથી પણ પુષ્ટ થતો રહે છે અને આભ્યન્તર જગતમાં આનંદનો અનુભવ જેનાથી પણ થતો હોય છે, એ બંને



પરિબળોના વિસ્તાર માટે મન સતત લાલાયિત બન્યું રહેતું જ હોય છે.

અબજોના અબજો રૂપિયાના માલિક બની ગયા પછી ય માણસ પૈસા પાછળ દોડતો જ રહે છે ને ?

જરૂરિયાતપૂર્તિ માટે ? બિલકુલ નહીં.

ઇચ્છાપૂર્તિ માટે ? હરગિજ નહીં.

શોખપૂર્તિ માટે ? જરાય નહીં.

તો ? કેવળ અને કેવળ અહંપુષ્ટિ માટે.

બસ, એ જ ન્યાયે પાંચ સામાયિકથી આગળ વધીને દસ સામાયિક સુધી, પાંચ લાખના દાનથી આગળ વધીને પચાસ લાખના દાન સુધી, એકપ્રકારી પૂજાથી માંડીને અષ્ટપ્રકારી પૂજા સુધી, પ્રભુ પ્રત્યેના પ્રેમથી આગળ વધીને સંત-સજ્જન-દુર્જન અને સર્વજન પ્રત્યેના પ્રેમ સુધી સાધક જો આગળ વધતો જ જાય છે તો એનું એક માત્ર કારણ, આનંદનો અનુભવ છે.

જવાબ આપો. **આપણો પ્રેમ સંકોચનશીલ ? કે પછી વિસ્તરણશીલ ? આપણાં પ્રેમ પાસે તળાવનું પ્રતિનિધિત્વ કે નદીનું પ્રતિનિધિત્વ ? આપણો પ્રેમ બારીમાંથી દેખાતા આકાશ જેવો ? કે અગાસીમાંથી દેખાતા આકાશ જેવો ? આપણો પ્રેમ હવાનો સહારો નહીં મળતી ચિનગારી જેવો ? કે હવાનો સહારો પામીને દાવાનળમાં રૂપાંતરિત થઇ જતી ચિનગારી જેવો ?**

આ પ્રશ્નનો જવાબ, એ જ આપણું ભાવિ.

# સદા ઉપલબ્ધમ્ ।
## (સદા ઉપલબ્ધ હોય તે પ્રેમ)

બની શકે, નદીમાં પાણી સદા ઉપલબ્ધ ન હોય અને પુષ્પમાં સૌંદર્ય સદા ઉપલબ્ધ ન હોય.

બની શકે, શરીરમાં આંખ સદા ઉપલબ્ધ ન હોય અને આંખમાં કીકી સદા ઉપલબ્ધ ન હોય.



બની શકે, ઘરમાં તિજોરી સદા ઉપલબ્ધ ન હોય અને તિજોરીમાં પૈસા સદા ઉપલબ્ધ ન હોય.

બની શકે, સૈનિક પાસે શસ્ત્ર સદા ઉપલબ્ધ ન હોય અને રાજા પાસે સત્તા સદા ઉપલબ્ધ ન હોય.

પણ,

**પ્રેમ, એ એક એવું પરિબળ છે કે જે સદા ઉપલબ્ધ તો હોય જ છે, પણ સર્વ સ્થળે ય ઉપલબ્ધ હોય છે. સહુ પાસે તો ઉપલબ્ધ હોય જ છે, પણ સર્વ સંયોગમાં ય ઉપલબ્ધ હોય છે.**

પ્રેમ પાનખરમાં ય ઉપલબ્ધ, અમાવસ્યાએ પણ ઉપલબ્ધ અને સૂર્યાસ્ત સમયે ય ઉપલબ્ધ.

પ્રેમ સ્મશાનમાં ય ઉપલબ્ધ, રણપ્રદેશમાં ય ઉપલબ્ધ અને જંગલમાં ય ઉપલબ્ધ.

પ્રેમ ડાકૂ પાસે ય ઉપલબ્ધ, બળાત્કારી પાસે ય ઉપલબ્ધ અને ખૂની પાસે ય ઉપલબ્ધ.

પ્રેમ કૅન્સરની વેદના હોય ત્યારે ય ઉપલબ્ધ, મકાનને આગ લાગી હોય ત્યારે ય ઉપલબ્ધ અને જીવનના છેલ્લા શ્વાસ ચાલતા હોય ત્યારે ય ઉપલબ્ધ.

આવા સર્વ સમયે, સર્વ સ્થળે, સર્વ જીવે અને સર્વ સંયોગે ઉપલબ્ધ એવા પ્રેમની તાકાતનો આપણને ખ્યાલ ખરો ? એ પ્રેમના છૂટથી વિતરણ માટે આપણે સતત ઉત્સાહિત ખરા ?

એક વાત યાદ કરાવું ?

**પ્રભુએ આપણને જેટલો પ્રેમ આપ્યો છે એના અનંતમાં ભાગનો પ્રેમ પણ આપણે બીજાને આપ્યો છે ખરો ?**

**અરે ! પ્રભુએ આપણને જેટલો પ્રેમ કર્યો છે એના અનંતમાં ભાગનો પ્રેમ આપણે આપણને કર્યો છે ખરો ?**

જો ના, તો પછી આપણી પાસે સદા-સર્વત્ર ઉપલબ્ધ એવા પ્રેમનું આપણે કરવાનું શું ?

શું કહું ?

કદાચિત ઉપલબ્ધ એવા ક્રોધને સક્રિય કરતા રહીને આપણે એનો દુરુપયોગ કરતા રહ્યા છીએ.

હવે સદા ઉપલબ્ધ એવા પ્રેમનો આપણે સદુપયોગ કરતા રહીએ. જીવન આપણું ધન્ય બની જશે.



# अहङ्कारप्रतिपन्थि ।
## (અહંકારનો દુશ્મન હોય તે પ્રેમ)

બિલાડીને જરૂર નથી કે ઉંદર સાથે કાયમ દુશ્મનાવટ જ હોય.

જરૂર નથી કે સતીને વેશ્યા સાથે કાયમની દુશ્મનાવટ જ હોય.

અરે, કૃપણતાને ઉદારતા સાથે અને કુટિલતાને સરળતા સાથે ક્યારેક મૈત્રી જામી શકે છે, કર્ણ અર્જુનનો અને દુર્યોધન કૃષ્ણનો ક્યારેક મિત્ર બની શકે છે.

ઈઝરાઈલને પેલેસ્ટાઈન સાથે અને પાકિસ્તાનને ભારત સાથે ક્યારેક મૈત્રી જામી શકે છે.

ચન્દ્ર ક્યારેક સૂર્યને અને પૂનમ ક્યારેક અમાસને ગળે લગાડી શકે છે, પણ **અહંને પ્રેમ સાથે કે પ્રેમને અહં સાથે દોસ્તી જામી જાય એ તો કોઈ કાળે શક્ય નથી. કહેવું હોય તો એમ કહી શકાય કે પ્રેમને અહં સાથે પ્રકૃતિગત વેર છે, જાતિગત વૈર નહીં, જનમજનમનું વેર નહીં, પણ પ્રકૃતિગત વેર એટલે કે અનાદિકાલીન વેર!**

આનો અર્થ ?

આ જ કે તમે જો પ્રેમને સાચવી લેવા માગો છો તો અહંને તમારે રામ રામ કરતા જ રહેવું પડે અને અહંને તમે જો ગળે વળગાડીને રાખવા માગો છો તો પ્રેમના નામનું તમારે નાહી નાખવાનું જ રહે.

દુઃખ તો એ થાય છે કે કમળની પ્રાપ્તિ જો કીચડ છોડાવીને જ રહે છે, હીરાની પ્રાપ્તિ જો કાચના ટુકડાને છોડાવીને જ રહે છે, અરે, પ્રિયતમની પ્રાપ્તિ જો પ્રિયતરને છોડાવીને જ રહે છે તો આટલા વરસોમાં પ્રેમજન્ય પ્રસન્નતાની, સ્વસ્થતાની અને પવિત્રતાની કવચિત્ પણ

કરેલ અનુભૂતિ પછી ય આપણે અહંને છોડી શક્યા કેમ નથી ?

એટલું જ કહીશ કે **કાપવાનું કામ કરતી કાતર જેવા અહંકારને ક્યારેય હાથવગો ન રાખીએ અને જોડવાનું કામ કરતી સોય જેવા પ્રેમને આપણે ક્યારેય પગ આગળ ન રાખીએ.**

**પ્રેમ હંમેશા મસ્તક પર જ અને અહંકાર કાયમ પગ નીચે જ.**

જીવન ધન્ય ધન્ય !

જીવન સફળ સફળ !



# પ્રેયસ: પરાજયકામિ ।
## (પ્રિય વ્યક્તિથી હારવા ઈચ્છે તે પ્રેમ)

બહેનો માટે એમ કહેવાય છે કે આખી જિંદગીમાં એક જ સ્થળે સામે ચડી જઈને એ 'હાર' માગે છે અને એ સ્થળ છે ફૂલબજાર.

'મને હાર આપજો' આ માગ હોય છે બહેનોની.

પણ સબૂર !

પ્રેમ તો સર્વત્ર હારવા તૈયાર હોય છે એમ નહીં, હારવા જ તૈયાર હોય છે.

તમે જોયું જ હશે, બળવાન ગણાતા પિતાજી સામે ચડીને 'ઘોડો' બનીને પોતાના બાળકને પોતાની પીઠ પર બેસાડવા ઉત્સુક તો હોય જ છે, પણ દીકરો જ્યારે ચાબુક લગાવીને ઘોડા બનેલા પિતાને આગળ ચાલવાનો ઑર્ડર કરે છે ત્યારે એ અંદરથી ખરેખર રાજી થતા હોય છે.

**એકદમ સ્પષ્ટ શબ્દોમાં કહું તો માણસ જ્યારે પ્રેમની અવસ્થામાં કે પ્રેમની ક્ષણમાં**



**હોય છે ત્યારે એકદમ કમજોર બની જતો હોય છે.**

પછી એ પ્રેમ પતિ-પત્ની વચ્ચે હોય, પિતા-પુત્ર વચ્ચે હોય, ગુરુ-શિષ્ય વચ્ચે હોય, દુશ્મન-મિત્ર વચ્ચે હોય, સજ્જન-દુર્જન વચ્ચે હોય કે પછી વાઘ-ગાય વચ્ચે હોય. આ જ કારણ છે કે પ્રેમીના લમણે સર્વત્ર સહન કરવાનું, અન્યાયો વેઠવાનું, અગવડો વેઠવાનું અને હારવાનું જ આવતું હોય છે.

**જગત પૂછે છે 'દુઃખો પ્રેમી પર જ કેમ ?' એટલા માટે કે પ્રેમી ફૂલ જેવો હોય છે. એ આક્રમક બની શકતો નથી અને કદાચ આક્રમક બને પણ છે તો ય એના નસીબમાં તો વેઠવાનું જ આવે છે.**

જવાબ આપો.

પથ્થર ફૂલ પર આક્રમણ કરે કે ફૂલ પથ્થર પર આક્રમણ કરે, સરવાળે પીડા કોના લમણે ઝીંકાય ?

ફૂલના જ લમણે.

સંદેશ સ્પષ્ટ છે.

પીડા વેઠવાની તૈયારી હોય તો જ પ્રેમના રસ્તે આગળ વધજો.

અલબત્ત,

કોમળતાના કારણે જ ફૂલ પીડા જરૂર વેઠે છે, પણ એ પીડા જ એને પ્રભુના ચરણમાં બેસવાનું સદ્ભાગ્ય અર્પે છે.

એટલું જ કહીશ કે હારતા રહેવાની પીડા વેઠવાના કારણે પ્રેમ જો પ્રભુના ચરણ સુધી પહોંચી શકતો હોય તો એ પીડાનું આપણે બૅન્ડ-વાજા સાથે સ્વાગત કરવા જેવું છે.

# પ્રેયોહૃદયજયનકાङ्क्षि ।

## (પ્રિયનાં હૃદયને જીતવા ઈચ્છે તે પ્રેમ)

સૈનિક કહે છે, મારે દુશ્મનોને હરાવવા છે.

મલ્લ કહે છે, મારે મારા હરીફને હરાવવો છે.

વેપારી કહે છે, મારા પ્રતિસ્પર્ધીને મારે પાછળ રાખી દેવો છે.

સૌંદર્યસ્પર્ધાનાં ભાગ લઈ રહેલ યુવતિ કહે છે, બધાને હરાવીને નંબર એક પર મારે જ રહેવું છે.

વિદ્યાર્થી કહે છે, બૉર્ડમાં એક નંબર મારે લાવવો છે.

અરે, ઘરમાં રહેલ નાનો દીકરો પણ એમ કહે છે, જીદ મારી જ પૂરી થવી જોઇએ, પણ પ્રેમ એમ કહે છે કે મારે સામાના હૃદયને જીતવું છે અને એ જીતવા જે પણ



બલિદાન આપવું પડે એ આપતા રહેવાની મારી પૂરી તૈયારી છે.

તમે એક વાતની નોંધ લીધી છે ?

**શરીરની રચનામાં નીચેથી ઉપર જાઓ તો હૃદય પહેલા આવે છે અને મગજ પછી અને ઉપરથી નીચે આવો તો મગજ પહેલાં આવે છે અને હૃદય પછી.**

શો તાત્ત્વિક અર્થ છે આ વાસ્તવિકતાનો ?

આ જ કે સાચે જ તમારે જીવનને ઉત્થાનના માર્ગે લઈ જવું છે તો લાગણીને નંબર એક પર રાખજો અને બુદ્ધિને નંબર બે પર.

પણ ભૂલેચૂકે તમે મગજને નંબર એક પર રાખીને જીવનયાત્રા ચાલુ કરી અને એ જીવનયાત્રામાં હૃદયને નંબર બે પર રાખી દીધું તો તમારું નીચે ઉતરવાનું પાકું જ સમજી રાખવું.

શું કહું ?

મનને પાલીતાણાના પર્વતની ઉંચાઈ સર કરવી સરળ લાગે છે જ્યારે હૃદયને દુશ્મનના ઘરનાં બે પગથિયા ચડવા સરળ લાગે છે.

અહંને હિમાલયની ઉંચાઈ પડકારભૂત નથી લાગતી જ્યારે હૃદયને પ્રેમીના હૃદય સામે હારી જવાનું પડકારભૂત નથી લાગતું.

જવાબ આપો.

જીવનમાં બે આંકડામાં એવા સરનામાઓ છે ખરા કે જ્યાં આપણને સતત ને સતત હારતા રહેવાનું જ અને સામાને જીતાડતાં રહેવાનું જ મન થતું હોય ?

**રામે શબરીના એઠાં બોર ખાઈને શબરીને જીતાડી છે.**

**કૃષ્ણે સુદામાના તુચ્છ તાંબૂલ લઈને સુદામાને જીતાડ્યો છે.**

**ચંદનબાળાના અડદના બાકુળા વહોરી લઈને પ્રભુ વીરે ચંદનબાળાને ૩૬,૦૦૦ સાધ્વીમાં વડેરા બનાવ્યા છે.**

**આપણી પાસે આવા બે-ચાર નામો ખરા ?**

# निरपायम् ।
## (અપાય વિનાનો હોય તે પ્રેમ)

તમે સાકર વધુ પ્રમાણમાં ખાઈ લો. ઈનામમાં ડાયાબિટીસ મળી શકે છે.

ફરસાણમાં મીઠાને મન મૂકીને પ્રવેશ આપો, બી.પી. તમને સામે ચડીને મળવા આવી શકે છે.

તેલ-મરચાવાળા પદાર્થોને તમે પેટમાં પધરાવતા રહો, પુરસ્કારમાં તમને હરસ-મસાની ભેટ મળી શકે છે.

સંપત્તિ-સત્તા અને સૌંદર્યમાં તમે નંબર એક પર આવી જાઓ, ભય-ચિંતા અને ઈર્ષ્યા તમારા મનનો કબજો લઈ શકે છે.

સફળતાના ઊંચામાં ઊંચા શિખરે તમે પહોંચી જાઓ, ઈનામમાં તમને ખૂનની ધમકી મળી શકે છે.

પણ,

**પ્રેમના બુંદથી શરૂ કરેલ તમારી યાત્રાને તમે છેક સાગર સુધી લઈ જાઓ, તળેટીથી શરૂ કરેલ પ્રેમની યાત્રાને તમે છેક શિખર સુધી લઈ જાઓ, ગણિતના એકડાથી શરૂ કરેલ પ્રેમની યાત્રાને તમે છેક નવ સુધી લઈ જાઓ એ યાત્રામાં આદ્યબિંદુથી છેક મંજિલ સુધી કાંઈ જ અપાય નથી.**

કોઈ પણ ચીજની 'અતિ' જોખમી છે, આ વિધાનમાં 'પ્રેમ' અપવાદ છે.

'અતિ પરિચય' અવજ્ઞાનું કારણ બને છે, આ વિધાનમાં 'પ્રેમ' અપવાદ છે.

'અતિ' એ સંસારજગતનું ઝેર છે, આ વિધાનમાં 'પ્રેમ' અપવાદ છે.

'અતિ' એ જીવનની બરબાદીનું એક માત્ર કારણ છે, આ વિધાનમાં 'પ્રેમ' અપવાદ છે.

'અતિ' એ અશાંતિ માટે આમંત્રણપત્રિકા બની રહે છે આ વિધાનમાં 'પ્રેમ' અપવાદ છે.


'અતિ' તમારા માનસિક સંતુલનને ખોરવી નાખે છે, આ વિધાનમાં 'પ્રેમ' અપવાદ છે.

'અતિ'ના આકર્ષણમાં કલેશ અને સંકલેશના બીજ ધરબાયા છે, આ વિધાનમાં 'પ્રેમ' અપવાદ છે.

**આ જગતમાં કોઈ એક જ પરિબળ જો એવું હોય કે જેની કોઈ જ ખરાબ કે ખોટી 'સાઇડ ઈફેક્ટ' નથી તો એ પરિબળનું નામ 'પ્રેમ' છે અને આ જગતમાં જો કોઈ એક જ પરિબળ એવું હોય કે જેની કાયમ સારી અને સાચી 'સાઇડ ઈફેક્ટ' જ હોય છે તો એ પરિબળનું નામ પણ પ્રેમ જ છે.**

આ સંદર્ભમાં છેલ્લી વાત.

પ્રેમહીન સુખ માણસને થકવી નાખે છે, પ્રેમયુક્ત દુઃખ માણસમાં પડેલ સત્ત્વને બહાર લાવે છે.



# सर्वंसहम् ।
## (બધું સહન કરે તે પ્રેમ)

વસ્તુજગતમાં કોઇ એક જ વસ્તુને જો 'બધાનું બધું સહન કરે' એ ગૌરવ મળ્યું છે તો એ વસ્તુનું નામ છે પૃથ્વી.

જ્વાળામુખીનો લ્હાવા ભલે ને ગરમાગરમ છે, ભૂકંપના આંચકાઓ ભલે ને જાલિમ છે, વાવાઝોડાના તોફાનો ભલે ને બિહામણા છે, સુનામીના આક્રમણો ભલે ને કંપાવી દે એવા છે પૃથ્વીએ ક્યારેય એમાંના એકનો પણ પ્રતિકાર નથી કર્યો.

સુવર્ણ અને હીરાઓ મેળવવા ભલે કોઈએ એની છાતી ચીરી નાખી છે કે ૧૫૦ માળના ટાવરો ઊભા કરવા કોઈએ ભલે એની છાતી ધમરોળી નાખી છે. બધાનું બધું એણે સહન જ કર્યે રાખ્યું છે.

બસ, **આભ્યન્તરજગતમાં બધાનું બધું સહન કરવાનું ગૌરવ જો કોઈ એક જ સદ્‌ગુણને મળ્યું હોય તો એ સદ્‌ગુણનું નામ છે, પ્રેમ.**

કઠોરતા જેમ માખણના સ્વભાવમાં નથી અને દુર્ગંધ જેમ પુષ્પના સ્વભાવમાં નથી.

કૃપણતા જેમ નદીના સ્વભાવમાં નથી અને કર્કશતા જેમ કોયલના સ્વભાવમાં નથી.

અવિવેક જેમ હંસના સ્વભાવમાં નથી અને કુટિલતા જેમ કબૂતરના સ્વભાવમાં નથી.

દાહકતા જેમ બરફના સ્વભાવમાં નથી અને મલિનતા જેમ કમળના સ્વભાવમાં નથી તેમ સામનો કરવો, બળવો કરવો, અત્યાચાર કરવો, આક્રમણ કરવું, પ્રતિકાર






કરવો એ પ્રેમના સ્વભાવમાં નથી.

અલબત્ત,

**પ્રેમ ક્યારેક આક્રમક બનતો દેખાતો પણ હોય તો ય એ આક્રમકતા શિષ્ય પર આક્રમક બનતા ગુરુ જેવી હોય છે અથવા તો બાળક પર આક્રમક બનતી માતા જેવી હોય છે, હાથ કદાચ મારતા પણ હોય તો ય હૈયું તો રડતું જ હોય.**

બધાનું બધું સહન કરતા રહીને આત્માને પરમાત્મા બનાવી દેતા હે પ્રેમ ! તને અમારા અનંત નમસ્કાર !





# સકલગુણગર્ભમ્ ।
## (બધાં ગુણોનો ગર્ભ પ્રેમ છે)

ઘરમાં ટી.વી. વસાવવું છે ? ફર્નિચર લાવવું છે ?
ગાડી ખરીદવી છે ? અમેરિકા ફરવા જવું છે ?
મોર્ડન મોબાઇલ જોઇએ છે ?
સારવાર માટે મસ્ત હૉસ્પિટલમાં દાખલ થવું છે ?
રાજકારણમાં ઝંપલાવવું છે ?
મોંઘીદાટ કૉલેજમાં એડમિશન જોઇએ છે ?
**પૈસા લાવો.**
તમારા વક્તવ્ય પાછળ લાખો લોકોને ગાંડા કરવા છે ?
તમને જોવા લોકો પડાપડી કરે એવું તમારે વ્યક્તિત્વ સર્જવું છે ?
પત્ની રૂપાળી જોઇએ છે ?
લાખો અનુયાયીઓ તમને અનસુરે એવા નેતા બનવું છે ?
અંગૂઠાછાપ હોવા છતાં યુનિવર્સિટિના ડીન બની જવું છે ?
વ્યભિચારી હોવા છતાં લાલ લાઇટવાળી ગાડીમાં ફરવું છે ?
**પુણ્ય લાવો.**
ડેબ્યૂ મૅચમાં સૅન્ચ્યુરી લગાવી દેવી છે ?
દિવ્યાંગ હોવા છતાં તરણ સ્પર્ધામાં સુવર્ણચન્દ્રક મેળવવો છે ?
બોર્ડમાં પ્રથમ નંબર લાવવો છે ?
અરે, સર્વ પાપના ત્યાગવાળું સંયમજીવન મેળવવું છે ?
કર્મો ખપાવવા જંગી તપશ્ચર્યાઓ કરવી છે ?
લોહી-પાણી એક કરી દઇને આગમ ગ્રંથોનું અધ્યયન કરી લેવું છે ?
**પુરુષાર્થ કરો.**
પણ સબૂર !



સરળતાને સ્વભાવ બનાવી દેવી છે ?

ઉદારતાને જીવનમંત્ર બનાવી દેવી છે ?

કોમળતાને આત્મસાત્ કરી લેવી છે ?

કૃતજ્ઞતાને હૃદયનો ધબકાર બનાવી દેવી છે ?

મૈત્રીભાવને જીવનનું ઘરેણું બનાવી દેવું છે ?

ભક્તિભાવને જીવનમાં નદીનું સ્થાન આપી દેવું છે ?

પવિત્રતાને જીવનનો પ્રાણ બનાવી દેવી છે ?

**પ્રેમ કરો.**

ટૂંકમાં,


સામગ્રીઓની ખરીદીનું ગર્ભસ્થાન પૈસો. સફળતાઓની પ્રાપ્તિનું ગર્ભસ્થાન પુરુષાર્થ. વિકસિત વ્યક્તિત્વનું ગર્ભસ્થાન પુણ્ય; પરંતુ તમામે તમામ સદ્ગુણોનું ગર્ભસ્થાન, પ્રેમ.

શું કહું ?

**તમે સેનાધિપતિને ઘરે આવવાનું આમંત્રણ આપો, માત્ર સેનાધિપતિ જ આવે, પણ રાજાને આમંત્રણ આપો, નગરશેઠ, મંત્રી, સેનાધિપતિ, સૈનિક વગેરે બધા જ આવે.**

**તમે ઉદારતાને બોલાવો, કેવળ ઉદારતા જ આવે, પણ પ્રેમને બોલાવો, ઉદારતા, નમ્રતા, સરળતા, પવિત્રતા વગેરે તમામ સદ્ગુણોની ફોજ આવે.**

આ સોદો અત્યારે જ કરી લેવા જેવો છે.



# फललिप्सापराङ्मुखम् ।
## (ફળ પામવાની ઈચ્છાથી ઉન્મુખ હોય તે પ્રેમ છે)

તમે નાના બાળકોને ગમ્મત કરતા તો જોયા હશે. ગમ્મત દરમ્યાન ન એમને ખાવાનું યાદ આવે કે ન એમને મમ્મી યાદ આવે. ન એમને ભૂખ-તરસનું ભાન રહે કે ન એમને થાકનું ભાન રહે. ન એમને મહેમાન બનીને ઘરે આવેલ માસીમાં રસ હોય કે ન મામામાં રસ હોય.

આવા બાળકોને તમે પૂછો, 'તમને ગમ્મતથી મળે છે શું ?' તમારો આ પ્રશ્ન સાંભળીને બાળકો કદાચ એક-બીજાના મોઢા જોવા લાગે. 'ગમ્મતથી વળી મેળવવાનું શું હોય ? ગમ્મતમાં મજા આવી રહી છે એ જ ગમ્મતની મોટામાં મોટી ફળશ્રુતિ !'

**પ્રેમ એ ગમ્મત જેવો છે. શેરડીમાંથી માણસને રસ જોઈએ છે અને પંખાથી હવા જોઈએ છે, સંપર્ક માટે મોબાઈલ જોઈએ છે અને વાસનાપૂર્તિ માટે વિજાતીય-પાત્ર જોઈએ છે.**




**કમાણી માટે ધંધો જોઈએ છે અને પ્રસિદ્ધિ માટે સુવર્ણચન્દ્રક જોઈએ છે. તૃપ્તિ માટે ભોજન જોઈએ છે અને મળવિસર્જન માટે સંડાસ જોઈએ છે, પણ પ્રેમ ?**

**બસ, પ્રેમ માટે જ પ્રેમ જોઈએ છે. માર્ગ પણ પ્રેમ અને મંજિલ પણ પ્રેમ. સાધના પણ પ્રેમ અને સાધ્ય પણ પ્રેમ !**

યાદ રાખજો,

પ્રેમ એ આપણાં જીવનનો પડકાર નથી, એકપક્ષીય પ્રેમ એ આપણાં જીવનનો



પડકાર છે. પ્રેમમૂલક પ્રવૃત્તિ એ આપણાં જીવન માટે પડકારભૂત નથી, પણ પ્રેમની માનસિક અવસ્થા એ આપણાં માટે પડકારભૂત છે.

શું કહું ?

પુષ્પ સુવાસ પ્રસરાવે જ છે,

કોઈ એની અનુભૂતિ કરનાર હોય કે ન હોય, કોઈ એ અંગે અભિપ્રાય આપનાર હોય કે ન હોય.

આ જ વાત લાગુ પડે છે ચન્દ્રને અને સૂર્યને, સાગરને અને નદીને, વૃક્ષને અને ઝરણાંને. એમના માટે તમે મૌન રહો કે મૂરખ બનો, સાનુકૂળ પ્રતિભાવ આપો કે પ્રતિકૂળ પ્રતિભાવ આપો. એ બધાં પોતાની પ્રકૃતિ પ્રમાણે કાર્ય કરતા જ રહે છે.

બસ,

**બિલ્કુલ આ પ્રકૃતિ જેવો પ્રેમ છે, અભિપ્રાય નિરપેક્ષ અને અભિવ્યક્તિ નિરપેક્ષ.**

**કોયલને કદાચ ખબર જ નથી કે મારો કંઠ સરસ છે અને એ છતાં એના કંઠમાંથી મસ્ત અવાજ જ નીકળે છે.**

**બસ, એ જ ન્યાયે પ્રેમને કદાચ ખબર જ નથી કે 'હું ખૂબ મસ્ત છું' અને એ છતાં જ્યારે પણ એનાં દર્શન થાય છે, એ મસ્તીમાં ઝૂમતો જ જોવા મળે છે.**

# 3 प्रेम्णः फलानि
## પ્રેમના ફળ




36 हृदयाऽऽह्लादः
હૃદયનો આનંદ એ પ્રેમનું ફળ છે ૭૬





37 लोकप्रियत्वम्
લોકપ્રિયતા એ પ્રેમનું ફળ છે ૭૮





38 उपादानविशुद्धिः
ઉપાદાન વિશુદ્ધ થાય તે પ્રેમનું ફળ છે ૮૦





39 शोकाऽपगमः
શોક દૂર થાય તે પ્રેમનું ફળ છે ૮૨





40 कल्याणसन्ततिः
કલ્યાણની પરંપરા એ પ્રેમનું ફળ છે ૮૪





41 सहजसन्मार्गरुचि
સન્માર્ગ પ્રત્યે સહજ રૂચિ થાય તે પ્રેમનું ફળ છે ૮૬





42 कर्मविनाशः
કર્મનો નાશ તે પ્રેમનું ફળ છે ૮૮

43 **शिष्टानां सन्तोषः**
શિષ્ટ લોકો ખુશ થાય તે પ્રેમનું ફળ છે — ૯૦




44 **अनुत्सेकमनस्कता**
ઉદ્ધતાઈ વિનાની માનસિકતા તે પ્રેમનું ફળ છે — ૯૨



45 **प्रत्ययप्रादुर्भावः**
વિશ્વાસ ઉત્પન્ન થાય તે પ્રેમનું ફળ છે — ૯૪



46 **चित्तसमाधिः**
મનની સમાધિ એ પ્રેમનું ફળ છે — ૯૬



47 **वचनस्याऽऽदेयता**
વચનની આદેયતા એ પ્રેમનું ફળ છે — ૯૮



48 **निर्भयत्वम्**
નિર્ભયતા એ પ્રેમનું ફળ છે — ૧૦૦



49 **तीर्थङ्करत्वम्**
તીર્થંકર પદવી એ પ્રેમનું ફળ છે — ૧૦૨



50 **अपवर्गप्राप्तिः**
મોક્ષની પ્રાપ્તિ એ પ્રેમનું ફળ છે — ૧૦૪



# હૃદયાઽઽહ્લાદ: ।
## (હૃદયનો આનંદ એ પ્રેમનું ફળ છે)

તૃપ્તિ એ ભોજનનું ફળ છે, સ્ફૂર્તિ એ તંદુરસ્તીનું ફળ છે, પ્રાપ્તિ એ પુણ્યનું ફળ છે, મસ્તી એ રમતનું ફળ છે, પુરસ્કાર એ પુરુષાર્થનું ફળ છે, સ્વર્ગ એ સાધનાનું ફળ છે, મુક્તિ એ શુદ્ધિનું ફળ છે, સ્વસ્થતા એ સમાધિનું ફળ છે, પણ હૃદયનો આનંદ એ પ્રેમનું ફળ છે.



એક વાત યાદ રાખજો કે **સુખ અને દુઃખ એ અભિગમને બંધાયેલા છે જ્યારે આનંદ એ અનુભવને બંધાયેલો છે.**

આનો અર્થ ? આ જ.

ઘટના જે પણ બની છે, એનું મનગમતું અર્થઘટન એ છે સુખ અને એનું અણગમતું અર્થઘટન એ છે દુઃખ !

નફો કરોડનો થયો હોવા છતાં તમને એનાથી જો સંતોષ નથી તો તમે દુઃખી છો અને નફો ભલે ને પાંચ લાખનો જ થયો છે, પણ જો તમે એનાથી સંતુષ્ટ છો તો તમે સુખી છો.

પણ, આનંદનું આવું નથી. એને ઘટનાની કે અર્થઘટનની કશી જ પડી નથી. પુષ્પને કોઈ ગાળ

દે કે પુષ્પની કોઇ સ્તવના કરે, સૂરજની કોઇ વગોવણી કરે કે સૂરજને કોઇ અર્ઘ્ય આપે, ઝરણાંને કોઇ બદનામ કરે કે ઝરણાંની કોઇ પ્રશંસા કરે.

આ તમામ જેમ પોતાના સ્વભાવમાં લીન તેમ આનંદ પોતાના સ્વભાવમાં લીન. વસ્તુ નિરપેક્ષ, વ્યક્તિ નિરપેક્ષ અને પરિસ્થિતિ નિરપેક્ષ.

હા, **આ આનંદ માટે આ જગતમાં એક જ સરનામું છે અને એ સરનામું છે પ્રેમનું.**

**કારણ ? સુખ-દુઃખ પરાધીન છે, પણ આનંદ જેમ સ્વતંત્ર છે તેમ રાગ-દ્વેષ પરાધીન છે, પણ પ્રેમ સ્વતંત્ર છે.**

શું કહું ?

નાવમાં સવાર થયેલા મુસાફરોને, નાવ નદીના જે પાણી પર ચાલી રહી છે એ પાણી જ દેખાતું હોય છે, પણ નાવિકને ? એને તો નદીના ઊંડાણમાં વહેતા પાણીનો ય ખ્યાલ હોય છે.

બસ, આ જ ન્યાયે રાગ-દ્વેષને કેવળ સંસારમાં બની રહેલ ઉપરછલ્લા પ્રસંગોનો જ ખ્યાલ હોય છે જ્યારે પ્રેમ તો છેક આત્માના સ્વભાવને સમજતો હોવાના કારણે દરેક અવસ્થામાં સ્વસ્થ-મસ્ત રહીને આનંદની જ અનુભૂતિ કરાવતો રહે છે.





# लोकप्रियत्वम् ।
## (લોકપ્રિયતા એ પ્રેમનું ફળ છે)

**પંખીજગતમાં** કોયલ લોકપ્રિય છે, કારણ કે એનો કંઠ મસ્ત છે.
મોર લોકપ્રિય છે, કારણ કે એનું સૌંદર્ય મસ્ત છે.
હંસ લોકપ્રિય છે, કારણ કે એની ચર્યા મસ્ત છે.
**પશુજગતમાં** હાથી લોકપ્રિય છે, કારણ કે એનો વિવેક મસ્ત છે.
ગાય લોકપ્રિય છે, કારણ કે એની નિર્દોષતા મસ્ત છે.
હરણ લોકપ્રિય છે, કારણ કે એની દોટ મસ્ત છે.
**મનુષ્યજગતમાં** ઉદાર લોકપ્રિય છે, કારણ કે એની ઉદારતા મસ્ત છે.
કૃતજ્ઞ લોકપ્રિય છે, કારણ કે એની કૃતજ્ઞતા મસ્ત છે.
વિવેકી લોકપ્રિય છે, કારણ કે એનો વિવેક મસ્ત છે.
**સંતજગતમાં** ક્ષમાશીલ સંત લોકપ્રિય છે, કારણ કે એની ક્ષમા મસ્ત છે.
પવિત્ર સંત લોકપ્રિય છે, કારણ કે એની પવિત્રતા મસ્ત છે.
પ્રવચનકાર સંત લોકપ્રિય છે, કારણ કે એની પ્રવચનશક્તિ મસ્ત છે.
લેખક સંત લોકપ્રિય છે, કારણ કે એની લેખનશક્તિ મસ્ત છે.

પણ સબૂર !

**સદ્‌ગુણજગતમાં કોઈ એક જ ગુણ સદા અને સર્વત્ર લોકપ્રિય હોય તો પ્રેમ લોકપ્રિય છે, કારણ કે એનો સ્વભાવ સહનશીલ છે.**

શું કહ્યું ?

વાંસ નહીં, પણ વાંસળી જ લોકપ્રિય બને છે અને પથ્થર નહીં, પણ પ્રતિમા જ વંદનીય બને છે.

માટી નહીં, પણ ઘડો જ આદરણીય બને છે અને લાકડું નહીં, પણ ફર્નિચર જ પ્રશંસનીય બને છે.


વન નહીં ઉપવન જ લોકપ્રિય બને છે અને શેતાન નહીં, પણ સજ્જન જ વંદનીય બને છે.

આ તમામનું કોઈ એક જ કારણ હોય તો એનું નામ છે, ‘સહનશીલતાનો સ્વભાવ.’

યાદ રાખજો,

**સહનશીલતાની કિંમત ચુકવવાનું સાહસ જગાડ્યા વિના સદ્‌ગુણના જગતમાં રાજસિંહાસન પર બેઠેલા પ્રેમ નામના રાજા સાથે તમારું મિલન થાય એવી કોઈ જ શક્યતા નથી.**





# उपादानविशुद्धिः ।
## (ઉપાદાન વિશુદ્ધ થાય તે પ્રેમનું ફળ છે)

સુવર્ણ વિશુદ્ધ બનતું જાય એ જ એના અગ્નિપ્રવેશનું ફળ.

શરીર સ્વચ્છ બનતું જાય એ જ એના સાબૂસ્પર્શનું ફળ.

રોગમાં કડાકો બોલાતો જાય એ જ દવાસેવનનું ફળ.

જીવન વ્યવસ્થિત બનતું જાય એ જ સત્સંગ-સેવનનું ફળ.

મન નિર્મળ બનતું જાય એ જ શાસ્ત્રવાંચનનું ફળ.

પ્રશ્ન એ છે કે પ્રેમનું ફળ શું ?

તમને એ લોકપ્રિય બનાવે એ ? ના.

તમને એ ઉત્સાહી બનાવી રાખે એ ? ના.

તમને એ આદરણીય બનાવતો રહે એ ? ના.

તો ? તમારા આત્મદ્રવ્યને એ વિશુદ્ધ બનાવતો રહે એ !

પ્રશ્ન એ છે કે આત્મદ્રવ્ય વિશુદ્ધ બની રહ્યું છે એની ખાતરી શું ?

આ જ. આત્મા અને પરમાત્મા વચ્ચેનું અંતર ઘટતું રહે એ !

અર્થાત્ ?

દોષત્રાસ અનુભવાતો જાય, દોષહ્રાસ થતો જાય અને દોષનાશની મંજિલ નજીક આવતી જાય ? જો આ પરિણામ અનુભવાતું હોય તો નિશ્ચિત સમજી રાખવું કે આપણું ઉપાદાન અર્થાત્ આપણું આત્મ દ્રવ્ય વિશુદ્ધ થઈ રહ્યું છે.

એક વાતનો તમને ખ્યાલ હશે કે કારણ પરથી કાર્યનું અનુમાન જો ક્યારેક થતું હોય છે તો ક્યારેક કાર્ય પરથી કારણનો ખ્યાલ આવતો હોય છે.

જમવાની થાળી પર બેઠેલ યશનું શરીર તગડેબાજ દેખાય છે અને એની થાળીમાં બદામપાક અને સાલમપાક જો દેખાઇ રહ્યા છે તો અહીં કારણ પરથી કાર્યનું અનુમાન થાય છે.

'સાલમપાક-બદામપાક પેટમાં જતા હોય એટલે તબિયત તો બની જ જાય ને ?'

પણ સબૂર !

રસ્તા પરથી પસાર થયેલ યશની ચાલવાની મસ્ત ઢબ તમે જોઇ. એનું ભરાવદાર શરીર તમે નિહાળ્યું અને તમે કાર્ય પરથી કારણનું અનુમાન કરી લીધું.

'બેટાએ તબિયત જમાવી છે એનો અર્થ એટલો જ કે પેટમાં મીઠાઇ-બદામ-કાજૂ વગેરે ઠીક ઠીક પ્રમાણમાં પધરાવ્યા છે.'

આ કાર્ય-કારણભાવની વાત અહીં મેં એટલા માટે જણાવી છે કે ઉપાદાનની વિશુદ્ધિ ન જ અનુભવાતી હોવા છતાં આપણાં હૃદયમાં ઊઠતી લાગણીને આપણે 'પ્રેમ'નું નામ આપી બેઠા હોઇએ તો આપણે ફેરવિચારણા કરવી જ પડે.

આગ હાથને અડી છતાં હાથ દાઝ્યો જ નહીં ? આગ હોવામાં શંકા છે.

પ્રેમ કર્યો છતાં ઉપાદાન વિશુદ્ધ થયું જ નહીં ? પ્રેમ હોવામાં શંકા છે.



# શોકાऽपगमः ।
## (શોક દૂર થાય તે પ્રેમનું ફળ છે)

દર્દમુક્તિ એ દવાનું ફળ.

અસુવિધામુક્તિ એ સંપત્તિનું ફળ.

ક્ષુધામુક્તિ એ ભોજનનું ફળ.

સંકલેશમુક્તિ એ પ્રભુપૂજાનું ફળ.

વૈરમુક્તિ એ ક્ષમાનું ફળ જ્યારે શોકમુક્તિ એ પ્રેમનું ફળ.

પ્રશ્ન એ થાય કે પ્રેમને શોક સાથે શું લેવા દેવા ?

હૃદયમાં પ્રેમ હોય અને સ્વજનનું મૃત્યુ થાય કે આત્મીયજનને અકસ્માત થાય, નજીકના સ્નેહીની તબિયત લથડી જાય કે પ્રેમાળ જન કોઈ પણ કારણસર આપણાંથી દૂર થઈ જાય તો શું મન શોકગ્રસ્ત ન બની જાય ?

આ પ્રશ્નનો સરળ જવાબ આ છે કે **પ્રેમને 'શોક' જામતો નથી, પણ પ્રેમને 'ખોજ' જામે છે અને પ્રેમને 'બોધ' જામે છે.**

'ખોજ' એટલે ?

જેમ દેખાતા વૃક્ષના આધારની ખોજ કરતા મૂળ તરફ ધ્યાન કેન્દ્રિત થાય છે, દેખાતી ઇમારતના આધારની ખોજ કરતા જેમ પાયાનો ખ્યાલ આવે છે તેમ પ્રેમ ઘટનાના મૂળને પકડવાની મહેનત કરે છે અને જ્યાં મૂળની ખોજ કરવામાં સફળતા મળી જાય છે ત્યાં પ્રેમ એ ખોજ પછી બોધની ભૂમિકામાં પહોંચી જાય છે.

સ્વજનનું મોત થઇ ગયું, આ ઘટના. એનું મૂળ ? જન્મ એ જ મોતનું કારણ ! એના પરથી બોધ ? આ જ. જેનો પણ જન્મ એનું મોત નિશ્ચિત. મોતથી બચવું હોય તો જન્મથી બચવું પડે અને જન્મથી બચવું હોય તો કર્મોથી બચવું પડે અને કર્મબંધથી બચવું હોય તો રાગ-દ્વેષ, વિષય-કષાય વગેરેથી બચવું પડે.

ટૂંકમાં, જ્યાં રાગ ત્યાં શોક. જ્યાં પ્રેમ ત્યાં ખોજ.

જ્યાં દ્વેષ ત્યાં આવેશ, જ્યાં પ્રેમ ત્યાં ઉપશમ.

જ્યાં અધીરાઇ ત્યાં ઉકળાટ.

જ્યાં ધીરજ ત્યાં સ્વસ્થતા.

આ સંદર્ભમાં એક અતિ મહત્ત્વની વાત.

**ગઇકાલને આજ સાથે ભલે કદાચ સંબંધ નથી, પણ આજને આવતીકાલ સાથે તો અચૂક સંબંધ છે એનો પ્રેમને બરાબર ખ્યાલ હોય છે અને આ હિસાબે જ ગઇકાલે બની ગયેલ દુઃખદ પ્રસંગ બદલ પ્રેમ મનને આજે શોકગ્રસ્ત બનાવીને જ આવતીકાલને પણ નબળી બનાવી દેવાની ભૂલ ભૂલેચૂકે ય નથી કરતો.**

સંદેશ સ્પષ્ટ છે.

સમય જો આગળ જ ભાગે છે, સમયનું બનેલ જીવન પણ જો આગળ જ ચાલે છે તો ગઇકાલની અણગમતી ઘટનાના બોજને મન પર રાખીને શોકગ્રસ્ત બન્યા રહેવા કરતાં આવતીકાલને તાજગીસભર બનાવી રાખવા મનને ખોજગ્રસ્ત અને બોધયુક્ત બનાવી દઇને પ્રેમને ચરિતાર્થ કરી દેવો એ જ ડહાપણનું કાર્ય છે.





# कल्याणसन्ततिः ।
## (કલ્યાણની પરંપરા એ પ્રેમનું ફળ છે)

દુઃખની પરંપરા જીવનમાં હજી શક્ય છે, પણ સુખની પરંપરા ? સર્વથા અશક્ય જ છે.

કારણ ? સુખો કે દુઃખો એ કોઇ નિશ્ચિત અવસ્થા નથી કે જેને વ્યાખ્યાયિત કરી શકાય. એ તો છે માત્ર મનનો અભિગમ.

અભિગમ જો હકારાત્મક છે તો શરીર કૅન્સરગ્રસ્ત છે તો ય મન મસ્ત છે અને અભિગમ જો નકારાત્મક છે તો કરોડની કમાણીમાં પણ મન ત્રસ્ત છે.

અને મુશ્કેલી આ છે કે **અતૃપ્તિ અને અસંતોષના કારણે મન હકારાત્મક અભિગમના સાતત્યને જાળવી શકતું જ નથી અને હકારાત્મક અભિગમના અભાવે મન સુખની પરંપરાને જાળવી શકતું નથી.**

અબજપતિ બનવામાં સફળતા મળી એટલે સુખની અનુભૂતિ તો થઇ, પણ અસંતોષના કારણે મનમાં સો અબજની કામના ઊભી થઇ અને સુખની પરંપરા આગળ વધતી અટકી ગઇ. જ્યારે દુઃખની અનુભૂતિની બાબતમાં આવું બનતું નથી.

'ગાડી નથી' મનને એનું દુઃખ હતું. એ દુઃખથી છૂટવા ગાડી ખરીદી તો ખરી, પણ ખરીદશક્તિના અભાવે જૂની ગાડી ખરીદવી પડી એટલે ગાડી આવી જવા છતાં નવી ગાડી ન ખરીદી શકાઇ એનું દુઃખ ઊભું થઇ ગયું. એ દુઃખથી મુક્ત થવા 'લૉન' લઇને નવી ગાડી ખરીદવામાં સફળતા મળી પણ ગઇ તો ય 'બીજા પાસે જેવી મસ્ત ગાડી છે એવી મસ્ત ગાડી મારી પાસે નથી'નું નવું દુઃખ ઊભું થઇ ગયું !

આનો અર્થ ?

સુખનો સંબંધ જે હકારાત્મક અભિગમ સાથે છે એ હકારાત્મક અભિગમનું સાતત્ય જાળવી શકાતું ન હોવાના કારણે જીવનમાં સુખ શક્ય બને છે, પણ સુખની પરંપરા શક્ય બનતી નથી.

જ્યારે દુઃખનો સંબંધ જે નકારાત્મક અભિગમ સાથે છે એ નકારાત્મક અભિગમને અતૃપ્તિ અને અસંતોષ સતત 'હવા' આપવા જ રહેતા હોવાના કારણે નકારાત્મક અભિગમનું સાતત્ય તૂટતું જ નથી અને એ ન તૂટતું હોવાના કારણે દુઃખની પરંપરા અકબંધ જ રહી જાય છે.




પણ સબૂર!

**સુખ અને દુઃખનો સંબંધ જે રીતે મનના હકારાત્મક અને નકારાત્મક અભિગમ સાથે છે એ જ રીતે કલ્યાણનો અને અકલ્યાણનો સંબંધ હકારાત્મક અને નકારાત્મક અભિગમ સાથે નથી, પણ પ્રેમાત્મક અને સર્જનાત્મક તથા દ્વેષાત્મક અને વિધ્વંસાત્મક અભિગમ સાથે છે.**

જ્યાં પ્રેમસભર હૃદય હોય છે ત્યાં હોય છે કેવળ પ્રેમાત્મક અને સર્જનાત્મક અભિગમ અને જ્યાં આ મંગળ અભિગમ હોય છે ત્યાં સુખની પરંપરા તો હોય જ છે, પણ સુખને મામૂલી ગણાવી દેતી કલ્યાણની પરંપરા પણ ધબકતી જ હોય છે.



## સહજસન્માર્ગરુચિ ।
## (સન્માર્ગ પ્રત્યે સહજ રુચિ થાય તે પ્રેમનું ફળ છે)

ચાતક પક્ષી તરસ્યું રહે છે, પણ વરસાદના જળ સિવાય અન્ય કોઈ જ જળથી એ પોતાની તૃષા છિપાવતું નથી એમ કહેવાય છે.

માનસરોવરનો હંસ જીવન સમાપ્ત કરી દેવા તૈયાર થઈ જાય છે, પણ મોતીના ચારા સિવાયના અન્ય કોઈ જ દ્રવ્યથી એ પોતાની ક્ષુધા છિપાવતો નથી એમ કહેવાય છે.

આ જ ન્યાયે સતીની સહજરુચિ સદાચાર હોય છે, સજ્જનની સહજરુચિ મૂલ્યનિષ્ઠા હોય છે, ભ્રમરની સહજરુચિ પુષ્પ હોય છે, કોયલની સહજરુચિ કેરી હોય છે.

બસ, એ જ ન્યાયે પ્રેમની સહજરુચિ સન્માર્ગ હોય છે.

એકદમ સ્પષ્ટ શબ્દોમાં કહું તો **સજ્જનને જેમ સંતનું, સંતને જેમ**

**પરમાત્માનું સહજ આકર્ષણ હોય છે તેમ પ્રેમને જે પરિબળો સાથે 'સત્' શબ્દ જોડાયેલો હોય છે એ તમામ પરિબળોનું સહજ આકર્ષણ હોય છે.**

સંગ નહીં, પણ સત્સંગ , મિત્ર નહીં, પણ સન્મિત્ર, મતિ નહીં, પણ સન્મતિ. માર્ગ નહીં, પણ સન્માર્ગ, બુદ્ધિ નહીં, પણ સદ્બુદ્ધિ, આધિ નહીં, પણ સમાધિ, ગતિ નહીં, પણ સદ્ગતિ, ધર્મ નહીં, પણ સદ્ધર્મ, દેવ નહીં, પણ સુદેવ, ગુરુ નહીં, પણ સદ્ગુરુ, અરે, મરણ નહીં, પણ સમાધિમરણ.

શું કહું ?

દંભના રસ્તે તમારી કૃતિ તમે બદલી શકો છો, દંભના રસ્તે તમારી શ્રુતિનો વિષય પણ તમે બદલી શકો છો, અરે, પ્રબળ પુરુષાર્થના સહારે તમારી સ્મૃતિને ય તમે બદલી શકો છો, પણ જો તમે તમારી રુચિને જ નિર્મળ બનાવી દેવા માગો છો તો એમાં તમને સફળતા અપાવવાનું કામ જો કોઇ એક મંગળ પરિબળ કરતું હોય તો એ પરિબળનું નામ છે, પ્રેમ.

એક વાત યાદ કરાવું ?

**પ્રેમને પોતાની કંઠી તમારા ગળે બંધાવી દેવામાં રસ નથી.**

**પ્રેમ તમે આજે જે કાંઠે છો એ કાંઠો બદલાવી દેવામાં પણ રસ નથી, પણ પ્રેમને રસ છે તમારો કંઠ બદલાવી દેવામાં !**

**જ્યાં કંઠનો અવાજ કાગડાને બદલે કોયલનો બન્યો ત્યાં રુચિ ગંદાને બદલે આમ્રની બની જ સમજો.**



# कर्मविनाशः ।

## (કર્મનો નાશ તે પ્રેમનું ફળ છે)

આગ કચરાને બાળી નાખે. દવા દર્દને રવાના કરી દે.

પ્રકાશ અંધકારને રવાના કરી દે.

વાણીનું માધુર્ય કલેશને ખતમ કરી દે.

વ્યવહારની શાલીનતા કટુતાનો સફાયો બોલાવી દે.

ક્રોધ પ્રેમને, માન વિનયને, માયા વિશ્વાસને અને લોભ સર્વ ગુણોને ખતમ કરી નાખે.

અહં સંબંધોનો અને આસક્તિ સ્વસ્થતાનો સફાયો બોલાવી દે.

ભૂકંપ મકાનોનો અને દાવાનળ જંગલોનો સફાયો બોલાવી દે, પણ પ્રેમ ? એ તો કર્મોનો સફાયો બોલાવી દે.

યાદ રાખજો આ વાત કે **આત્મા પર કર્મો અનંત છે અને અસંખ્યકાળના છે જ્યારે હૃદયમાં ઊગેલો પ્રેમ તો કદાચ આ જન્મનો જ છે.**

પ્રશ્ન એ થાય કે એક જ જન્મનો પ્રેમ અસંખ્યકાળના અનંતા કર્મોનો સફાયો શેં બોલાવી શકે ?

આ પ્રશ્નનો જવાબ સીધો છે.

પ્રેમ એ પ્રકાશ છે અને કર્મો એ અંધકાર છે. અંધકાર ભલે ને ગમે એટલો ગાઢ છે અને ગમે એટલા સમયનો છે, પણ એનું અસ્તિત્વ ત્યાં સુધી જ સંભવિત છે કે જ્યાં સુધી પ્રકાશ હાજર થયો નથી જ્યાં પ્રકાશ હાજર થયો ત્યાં અંધકાર ગાયબ.



એક વાત આ અને બીજી વાત એ કે પ્રકાશની ઉપસ્થિતિ અંધકાર માટે ઘાતક બને છે, પણ અંધકારની ઉપસ્થિતિ પ્રકાશના આગમન માટે બાધક નથી બની શકતી.

આનો અર્થ ?

આ જ કે પ્રકાશ જો હાજર થવા માગે છે તો અંધકાર એની સામે કશું જ કરી શકતો નથી.

સંદેશ સ્પષ્ટ છે.

**કર્મોનો અંધકાર ત્યાં સુધી જ પ્રભાવશાળી છે જ્યાં સુધી પ્રેમનો પ્રકાશ હાજર થયો નથી. જ્યાં પ્રેમના પ્રકાશની નાની પણ મીણબત્તી પ્રગટી ત્યાં એ જ પળે અસંખ્યાત કાળના અનંતા પણ કર્મોનો અંધકાર ગાયબ થયો જ સમજો.**

શું કહું ?

આપણાં આત્મા પર અત્યારે જો કર્મોનો ગાઢ અંધકાર છવાયેલો છે તો એમાં જવાબદાર આપણે છીએ. પ્રેમના પ્રકાશને હાજર કરવામાં આપણે ટૂંકા પડ્યા છીએ એટલે જ કર્મોનો અંધકાર આપણને ત્રાસ આપી રહ્યો છે.

ઉંદરડાઓ ત્યાં સુધી વટથી ફરે છે જ્યાં સુધી સિંહે જોરથી બગાસુ નથી ખાધું !

૪૩

# શિષ્ટાનાં સન્તોષઃ ।
## (શિષ્ટ લોકો ખુશ થાય તે પ્રેમનું ફળ છે)

હવસખોર પુરુષ પોતાના છેતરામણા શબ્દોથી અને દંભી વ્યવહારથી એકવાર સુશીલ યુવતીને પણ ખુશ કરી શકે છે.

વકતૃત્વકળામાં હોશિયાર રાજકારણી ચૂંટણીના સમયે લોભામણાં વચનો આપી પ્રજાજનોને ખુશ કરી શકે છે.

રમકડાંઓ આપીને મમ્મી બાબાને, મોબાઈલ આપીને પપ્પા કિશોરને, બાઈક આપીને પિતાજી યુવકને અને સાડી તથા ઘરેણાં આપીને પતિ પત્નીને ખુશ કરી શકે છે.

પણ પ્રેમ, કશું જ આપ્યા વિના કેવળ પોતાના સદ્વ્યવહારથી, મધુર વચનોથી અને નિર્દોષ અંતઃકરણથી શિષ્ટ પુરુષોને ખુશ કરતો રહે છે.



પ્રેમનું એક ગજબનાક ગણિત આંખ સામે રાખવા જેવું છે.

**ઉત્તમ સાથે પ્રેમ કર્યા વિના અધમને ચાલે છે, પણ અધમને ય પ્રેમ કર્યા વિના ઉત્તમ રહી શકતો નથી.**

**બસ, એ જ ન્યાયે ત્યાગને પ્રેમ વિના ચાલી શકે છે, પણ પ્રેમ ત્યાગ કર્યા વિના રહી શકતો નથી.**

**સ્વાર્થી પ્રેમ વિના કામ કરી શકે છે, પણ પ્રેમી કામમાં પ્રેમ ભેળવ્યા વિના રહી શકતો નથી.**




બસ, આ જ કારણ છે, પ્રેમથી શિષ્ટ પુરુષો સહજ રીતે જ ખુશ થતાં રહેતા હોય છે, પ્રસન્ન થતાં રહેતા હોય છે.

યાદ રાખજો,

બીજાને ખુશ રાખવા પ્રયત્નશીલ બન્યા રહેવું એ જુદું અને બીજાઓ આપણાંથી સહજ જ ખુશ રહે એ જુદું !

છલોછલ પાણીવાળો હોજ જુદો અને છલોછલ પાણીવાળો કૂવો જુદો. એકમાં પાણી ઉપરથી નાખવું પડે જ્યારે બીજામાં પાણી અંદરથી આવતું જાય.

ઉછીના લાવેલા ઘરેણાં પહેરીને સહુ વચ્ચે વટ પાડવો એ જુદું અને પોતાના ખુદના ઘરેણાંથી સહુ વચ્ચે વટ પડે એ જુદું.

શું કહું ?

**અહંકાર ઓછો હોય એવા હોઠ પર જેમ સાચા સ્મિતનું લીપણ થતું રહે છે તેમ સ્વાર્થ ઓછો હોય એવો પ્રેમ જ સહુની ખુશીનું અને પ્રસન્નતાનું કારણ બની રહેતો હોય છે.**

આપણાં પ્રેમને આપણે આ ગણિતના આધારે તપાસતા રહેવાની જરૂર છે. મારે જો સહુને ખુશ રાખવા પડે છે તો મારો પ્રેમ હજી વિશુદ્ધિ માગે છે અને મારાથી સહુ જો સહજ જ ખુશ રહે છે તો મારો પ્રેમ વિશુદ્ધ જ છે.

અને દાવા સાથે કહું છું કે જેની પાસે પ્રેમ વિશુદ્ધ હોય છે, કર્મસત્તા એને એવા વિશિષ્ટ પુણ્યનો સ્વામી બનાવે છે કે જેની જગતને કોઈ કલ્પના પણ નથી હોતી.

# अनुत्सेकमनस्कता ।
## (ઉદ્ધતાઈ વિનાની માનસિકતા તે પ્રેમનું ફળ છે)

તમે ગધેડા પાસે શાલીન વ્યવહારની અપેક્ષા રાખી હોય અને એ સફળ થઇ જાય એમ ?

તમે હાથી પાસે શાલીન વ્યવહારની અપેક્ષા રાખી હોય અને એ નિષ્ફળ જાય એમ ?

કેળવેલ કૂતરાને માલિક લાકડી ફટકારે અને એ એને કરડવા દોડે એમ ?

હડકાયા કૂતરાને કોઈ પંપાળવા જાય અને એ એને પ્રેમ કરવા લાગે એમ ?

કબૂતરમાં અજાણતાં ય તમે કરી દીધેલ છળ-કપટની કલ્પના સાચી પડી જાય એમ ?

કાગડામાં જાણી જોઈને તમે કરેલ શાલીન વ્યવહારની કલ્પના સાચી પડે એમ ?

સંદેશ સ્પષ્ટ છે.

**તમે સ્નેહાળ પાસે ક્યારેય ઉદ્ધત માનસિકતાની કલ્પના ય ન કરી શકો. પ્રેમાળ પાસે ઉચ્છ્રૃંખલ વ્યવહારની કલ્પના ય ન કરી શકો. સંવેદનશીલ પાસે ઉછાછળાપણાંની કલ્પના ય ન કરી શકો.**

પ્રશ્ન મનમાં એ ઊઠે કે પ્રેમ પાસે એવું તે શું હોય છે કે જે પ્રલોભન વચ્ચે અને પીડા વચ્ચે પણ પોતાનું માનસિક સંતુલન જાળવી રાખવામાં સફળ બન્યો જ રહે છે ?

આ પ્રશ્નનો જવાબ છે, પરિપક્વતા.

જમીન પર ફેંકાતું ૨૫/૫૦/૧૦૦ રૂપિયાનું પરચુરણ હજી અવાજ કરશે, પણ ૨૦૦૦ ની નોટ તો બિલકુલ અવાજ નહીં કરે !

**આ છે પરિપક્વતા.**





સૂર્યનો તાપ પડતાં જ હળદરિયો રંગ ઊડી જશે, પણ કેસૂડાના રંગને તો એની કોઇ જ અસર નહીં થાય !

**આ છે પરિપક્વતા !**

દુષ્કાળ પડતાં નદી સૂકાઇ જાશે અને ધોધમાર વરસાદ વરસતા નદી બે કાંઠે વહેવા લાગશે, પણ સાગર બંને સ્થિતિમાં સંતુલન જાળવી રાખશે !

**આ છે પરિપક્વતા !**

આકાશમાં ગડગડાટ થતાં વેંત ચકલીઓ અને કબૂતરો આસમાનમાંથી નીચે આવી જશે જ્યારે બાજ પક્ષી વાદળથી પણ ઉપર ચાલ્યું જશે !

**આ છે પરિપક્વતા !**

રણપ્રદેશનો સ્પર્શ પામતાં જ પાણીના ટીપાઓ રણપ્રદેશની રેતીમાં સમાઇ જાય અને વિરાટકાય નદી Over Flying Energy થી આગળ વધીને સાગર તરફની પોતાની યાત્રા આગળ ધપાવે !

**આ છે પરિપક્વતા !**

**એમ કહેવાય છે કે ૧૭ વરસની વય સુધીમાં એક યુવકને 'તું નહીં કરી શકે' આ વાક્ય ૧,૫૦,૦૦૦ વખત કહેવાઈ ચૂકાયું હોય છે.**

**જ્યારે પરિપક્વ પાસે પ્રથમ દિવસથી 'હું કરી શકીશ જ' આ વાક્ય સાંભળવા મળતું હોય છે.**

પ્રેમનો નંબર આવા પરિપક્વમાં આવે છે.



# પ્રત્યયપ્રાદુર્ભાવઃ ।

## (વિશ્વાસ ઉત્પન્ન થાય તે પ્રેમનું ફળ છે)



ભક્તને ભગવાન પ્રત્યે અને શિષ્યને ગુરુ પ્રત્યે સમર્પણ હોય છે એ તો સમજાય છે, પણ પત્નીને પતિ પ્રત્યે અને પતિને પત્ની પ્રત્યે શું હોય છે ? શરૂઆતમાં કદાચ પ્રેમ પણ આગળ જતાં વિશ્વાસ !

અને મુસાફરને ડ્રાઈવર પ્રત્યે, ઘરાકને વેપારી પ્રત્યે, દર્દીને ડૉક્ટર પ્રત્યે, પ્રજાને નેતા પ્રત્યે, વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યે શું હોય છે ? વિશ્વાસ !

આનો અર્થ ? આ જ.

**સમર્પણ કદાચ પાંચ પાસે હોય છે, પ્રેમ કદાચ પચ્ચીસ પાસે હોય છે, પણ વિશ્વાસ તો પંચાણુ પાસે હોય છે.**

કહેવું હોય તો એમ કહી શકાય કે જ્યાં વિશ્વાસ હોય છે ત્યાં કદાચ પ્રેમ નથી પણ હોતો અને જ્યાં પ્રેમ હોય છે ત્યાં સમર્પણ પણ કદાચ નથી હોતું, પણ જ્યાં પ્રેમ હોય છે ત્યાં વિશ્વાસ તો હોય જ છે.

ટૂંકમાં,



નંબર ત્રણ, નંબર બે વિના હોઈ શકે, નંબર બે, નંબર એક વિના હોઈ શકે, પણ નંબર એક, નંબર બે અને ત્રણ વિના ન હોઈ શકે અને નંબર બે, નંબર ત્રણ વિના ન હોઈ શકે.

આ ગણિતના આધારે આપણે આત્મનિરીક્ષણ કરવા જેવું છે.

જેના પ્રત્યે પણ આપણાં હૈયામાં સમર્પણભાવ છે એના પ્રત્યે આપણાં હૈયામાં પ્રેમ અને વિશ્વાસ બંને હાજર ખરા ?

અને જેના પણ પ્રત્યે આપણાં હૈયામાં પ્રેમ છે એના પ્રત્યે આપણને વિશ્વાસ ખરો ?

શું લખું ?

**વ્યવહારજગતમાં સામાન્યતયા પહેલા દાદા રવાના થાય છે, પછી પિતા રવાના થાય છે અને પછી પૌત્ર રવાના થાય છે.**

**પરંતુ અધ્યાત્મજગતમાં પહેલા વિશ્વાસની સ્મશાનયાત્રા નીકળે છે, પછી પ્રેમનું ઉઠમણું થાય છે અને ત્યારબાદ સમર્પણનું 'રામ બોલો ભાઈ રામ' થાય છે.**

આનો અર્થ ? આ જ કે વિશ્વાસના પાયા પર જ પ્રેમ અને સમર્પણની ઈમારત ઊભી થાય છે અને ટકી રહે છે.

ઈમારતની મજબૂતાઈની ચિંતા પછી કરજો, પહેલાં પાયાને તો મજબૂત કરી જ દો.

જીવન જામી જશે.



# चित्तसमाधि: ।
## (મનની સમાધિ એ પ્રેમનું ફળ છે)

**જગતમાં પરિવર્તન કોણ લાવશે ? એ વિચાર મનમાં જાગે ત્યારે અરીસા સામે ઊભા રહી જવું, પણ પરિવર્તન જે પણ થાય એમાં મનની સ્વસ્થતા શેં જાળવી રાખવી ? એ વિચાર જાગે ત્યારે હૃદયમાં પ્રેમને હાજર કરી દેવો.**

તમે જો એમ પૂછતા હો કે પ્રેમમાં એવું તે શું હોય છે કે એ કૅન્સરમાં ય સ્વસ્થ રહી શકે છે અને કરોડની નુકસાનીમાં ય સ્વસ્થતા ટકાવી શકે છે ?

જીગરજાન મિત્રના વિશ્વાસઘાતમાં ય એ પ્રસન્નતાને અકબંધ રાખી શકે છે અને સગા એકના એક પુત્રના ઉદ્ધતાઈભર્યા વર્તાવ સામે ય ચહેરા પરના સ્મિતની માવજત કરી શકે છે ?



આ પ્રશ્નના આમ તો જાતજાતના જવાબ હોઈ શકે છે, પણ મુખ્ય જવાબ આ છે કે પ્રેમ પાણીનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

પાણીને તમે થાળીમાં નાખો છો કે કપમાં, તપેલામાં નાખો છો કે તપેલીમાં, લોટામાં નાખો છો કે ઘડામાં, પાણી કોઈ પણ આકારવાળા કોઈ પણ વાસણમાં સહજરૂપે ગોઠવાઈ જાય છે પાણીને પોતાની પસંદગી નથી તો જેમાં પણ ગોઠવાઈ જવું છે એ અંગે કોઈ ફરિયાદ નથી.

પ્રેમ પાસે આ આસમાનસ્પર્શી સમાધાનવૃત્તિ હોય છે અને એટલે જ એ એવી સમાધિને જન્મ આપીને રહે છે કે જે સમાધિને ખંડિત કરવામાં કોઈ પણ કષ્ટને કે અગવડને, તકલીફને કે પ્રતિકૂળતાને સફળતા નથી જ મળતી.

શું કહું ?

દરેક ખભા જેમ એટલા મજબૂત નથી હોતા કે એના પર માથું ટેકવી દેવા માત્રથી

તમે હળવાફૂલ થઇ ગયાની લાગણી અનુભવી શકો.

અને એ જ રીતે દરેક ખોળા જેમ એટલા વાત્સલ્યસભર નથી હોતા કે જ્યાં માથું મૂકી દેવા માત્રથી તમે હૂંફની લાગણી અનુભવી શકો.

બસ, એ જ રીતે હૃદયમાં ઊઠતી દરેક પ્રકારની કોમળ લાગણી એ કાંઇ પ્રેમસ્વરૂપ નથી હોતી કે જેની ઉપસ્થિતિમાં તમે કાયમ સમાધિની અનુભૂતિ જ કરી શકો.

ના, **કેટલીક લાગણી તેલ જેવી હોય છે કે જે વાસનાની લાગણીને દાવાનળમાં જ રૂપાંતરિત કરતી રહે છે તો કેટલીક લાગણી પેટ્રોલ જેવી હોય છે કે જે વૈરાગ્નિને છેક હિંસામાં રૂપાંતરિત કરતી રહે છે.**

ના, હૃદયમાં ઊઠતી જે લાગણી તમારામાં 'જતું કરતા રહેવા'ની તાકાત પેદા કરતી હોય એ લાગણીને જ 'પ્રેમ'ની પ્રતિનિધિ માનજો અને એ લાગણીમાં જ સમાધિને જન્મ આપવાની તાકાત છે એ વાત હૃદયમાં સ્થિર કરી રાખજો.



# વચનસ્યાઽઽદેયતા ।
## (વચનની આદેયતા એ પ્રેમનું ફળ છે)

કાગડો સંગીતના ગમે તેટલા ક્લાસ ભરે, શ્રેષ્ઠ સંગીતકાર પાસે કલાકોના કલાકો સુધી રિયાઝ કરે તો પણ કોયલનો અવાજ કાઢવામાં એને સફળતા ન જ મળે.

**બગલો વરસો સુધી હંસની સાથે રહીને હંસની જેમ જ સરોવરમાં તર્યા કરે અને હંસની જેમ જ માછલા છોડીને મોતીનો ચારો ચર્યા કરે તો ય વૃત્તિથી હંસ બનવામાં એને સફળતા ન જ મળે.**

સમડી કબૂતર સાથે દોસ્તી જમાવીને પોતાની મનોવૃત્તિને કબૂતર જેવી બનાવી દેવા લોહી-પાણી એક કરી નાખે, એ સમડી જ રહે, કબૂતર ન જ બની શકે.

તમારા મનમાં દંભ છે અને સ્વાર્થ છે, કપટ છે અને ઈર્ષ્યા છે, માયા છે અને કુટિલતા છે અને તમારા શબ્દોમાં યુક્તિયુક્તતા છે અને માધુર્ય પણ છે, નરમાશ છે અને લાગણી પણ છે અને છતાં તમારા શબ્દો આદેય નથી બનતા, ગ્રાહ્ય નથી બનતા, સ્વીકાર્ય નથી બનતા.

કારણ ?

વચનની આદેયતાને જન્મ આપવાનું વાસ્તવિક, નક્કર અને પ્રબળ કારણ જે પ્રેમ છે એ પ્રેમ તમારા હૃદયમાં ગેરહાજર છે.

આ સંદર્ભમાં એક અલગ વાત.

સ્કૂલની પરીક્ષામાં ચોરી કરીને વિદ્યાર્થી કદાચ પાસ તો થઈ શકે છે, પણ જીવનમાં આવતી કઠિન





પરીક્ષામાં પાસ થવું એના માટે સર્વથા અસંભવિત બન્યું રહે છે.

ગલત રસ્તે પણ સફળતાના શિખરે પહોંચી જવામાં માણસને ક્યારેક નસીબ અનુકૂળતા કરી આપે છે, પણ લાંબા સમય સુધી ગલત રસ્તાના જોરે સફળતાના શિખરે ટકી શકાતું નથી જ.

બસ, એ જ રીતે ક્યારેક અંદરમાં સ્વાર્થ અને દંભ હોવા છતાં પૂર્વના જન્મમાં અર્જિત કરેલા આદેય નામ કર્મના કારણે માણસનું વચન આદેય બન્યું રહેતું હોય એ સંભવિત છે, પણ **મૂળથી અલગ પડી જતા વૃક્ષના ઉજ્જવળ ભાવિ પર જેમ પૂર્ણવિરામ મૂકાઈ જાય છે, શરીરથી અલગ પડી ગયેલ હાથ જેમ ફેંકી દેવા લાયક જ બની રહે છે તેમ સ્વાર્થ અને દંભના પાપે માણસ આ જનમમાં જ પોતાના વચનમાં રહેલ આદેયતા ગુમાવી બેસે છે.**

આ સંદર્ભમાં મહત્ત્વની વાત, સારું જોઈતું હોય તો સારું બોલવું પડે, સારું બોલવા સારું વિચારવું પડે અને સારું વિચારવા હૃદયને પ્રેમસભર રાખવું પડે !



## નિર્ભયત્વમ્ ! (નિર્ભયતા એ પ્રેમનું ફળ છે)

રડવું પડે એવું કશું જ કરવામાં જેને રસ નથી.

ડરવું પડે એવું કશું જ કરવા જે તૈયાર નથી.

લડવું પડે એવા કાર્ય માટે જેનું અંતઃકરણ તૈયાર નથી.

નડવું પડે એવું કશું જ કરવાની જેની વૃત્તિ-પ્રવૃત્તિ નથી.

પડવું પડે એવા કાર્યોથી જે સતત દૂર જ રહે છે.

અને સડવું પડે એવા વિચારોથી ય જે પોતાના મનને દૂર રાખે છે એ માણસ માટે એમ કહી શકાય કે આ તાકાત એની પાસે પ્રેમજન્ય નિર્ભયતામાંથી આવી હશે.

એક વાતનો જવાબ આપો.

નિર્ભયતા સાથે મુસાફરી કરવા થોડુંક ચૂકવવું એ લાભદાયી કે થોડુંક બચાવવામાં સફળ બનીને સંપૂર્ણ મુસાફરી ભયભીત મનોદશા સાથે કરવી એ વધુ લાભદાયી ?

૫૦૦ રૂપિયા ટિકિટના ખરચીને નિર્ભયતા સાથે મુંબઇથી અમદાવાદની મુસાફરી કરવી એ જુદું અને ૫૦૦ રૂપિયા બચાવીને મુંબઇથી અમદાવાદની સંપૂર્ણ મુસાફરી

ભયભીત મનોદશા સાથે કરવી એ જુદું.

**પ્રેમ એ એવી ટિકિટ છે કે જિંદગીની સંપૂર્ણ મુસાફરી એ તમને ન કેવળ નિર્ભયતા સાથે જ કરાવે છે, પણ પ્રસન્નતા સાથે પણ કરાવે છે.**

તમે કદાચ પૂછો કે પ્રેમ સ્વયં આવી ટિકિટ કઇ રીતે બની શકે છે ?

તો તમારા પ્રશ્નનો જવાબ આ છે કે પ્રેમ પારદર્શક હોય છે. પારદર્શક હોય છે એટલે કે નિખાલસ હોય છે, નિખાલસ હોય છે એટલે કે નિષ્કપટ હોય છે.

તમે જોયું જ હશે કે નિષ્કપટ એવો નગ્ન પણ બાળક આંખોને જુગુપ્સનીય નથી લાગતો, પણ કપટી એવા નાગા માણસથી આંખોને બચાવતા જ રહેવાનું મન થાય છે.

**એક વાત આપણે નક્કી કરી દેવા જેવી છે અને વાત છે આ.**

**'કેટલા સમય સુધી દુઃખ ભોગવતા રહેવું ? એ નહીં, પણ કઇ કક્ષાનું દુઃખ ભોગવતા રહેવું ? એ.'**

દુર્યોધને જે દુઃખ ભોગવ્યું. અહંકારનું, આવેશનું અને આસક્તિનું એ ઇતિહાસના ચોપડે વગોવાયું અને મીરાએ ઝેરના પ્યાલા પીવાનું જે દુઃખ ભોગવ્યું એ જગતના ચોરે અને ચૌટે વખણાયું.

કબૂલ ! પ્રેમ એ દુઃખ છે, પણ એની કક્ષા તમને ખુદને સર્વથા સર્વકાળે નિર્ભય એવા પરમાત્મા બનાવી દેવાની છે !



# तीर्थङ्करत्वम् ।
## (તીર્થંકર પદવી એ પ્રેમનું ફળ છે)

વડાપ્રધાનનું પદ એ સંસદ સભ્યોની પસંદગીનું ફળ છે.

રાષ્ટ્રપતિનું પદ એ સત્તાધારી પક્ષની પસંદગીનું ફળ છે.

વિધાનસભામાં કે લોકસભામાં વિધાનસભ્ય તરીકે કે સાંસદ તરીકેનું મળેલ પદ એ ચૂંટણીમાં જીતી જવા બદલ મળેલું ફળ છે.



પણ, સ્વયં તરી જાય અને પોતાને શરણે આવેલાને તારી દે, આંતરશત્રુઓને સ્વયં જીતી જાય અને પોતાના શરણે આવેલાને જીતાડી દે.

સ્વયં બુદ્ધ થઇ જાય અને પોતાના શરણે આવેલાને બુદ્ધ બનાવી દે અને સ્વયં સર્વ કર્મોથી મુક્ત થઇ જાય અને પોતાના શરણે આવેલાને મુક્ત કરી દે.



આવી

**જિણાણં-જાવયાણં,**
**તિણ્ણાણં-તારયાણં,**
**બુદ્ધાણં-બોહયાણં અને**
**મુત્તાણં-મોઅગાણંની**
**પ્રચંડ ક્ષમતા ધરાવતી તીર્થંકર નામકર્મની પદવી એ તો**



**કેવળ અને કેવળ સવિ જીવો પ્રત્યે એ આત્માએ પોતાના હૃદયમાં પ્રતિષ્ઠિત કરેલા પ્રેમનું જ ફળ છે.**

શું કહું ? શિક્ષણજગતમાં યુનિવર્સિટિના ‘ડીન’ની પદવી કદાચ સર્વશ્રેષ્ઠ મનાય છે.

સૌંદર્યજગતમાં ‘વિશ્વસુંદરી’ની પદવી કદાચ સર્વશ્રેષ્ઠ મનાય છે.

ક્રિકેટજગતમાં ‘વર્લ્ડ ચૅમ્પિયન’ની પદવી કદાચ સર્વશ્રેષ્ઠ મનાય છે.

ન્યાયના ક્ષેત્રમાં સુપ્રિમ કોર્ટના ‘મુખ્ય ન્યાયમૂર્તિ’ની પદવી કદાચ સર્વશ્રેષ્ઠ મનાય છે.

રાજવીઓના જગતમાં ચક્રવર્તિની અને દેવતાઓના જગતમાં ઇન્દ્રની પદવી કદાચ સર્વશ્રેષ્ઠ મનાય છે, પણ કર્મજગતમાં તો **તીર્થંકરની પદવી ન કેવળ સર્વશ્રેષ્ઠ કે સર્વોત્તમ જ મનાય છે, પણ સર્વોત્કૃષ્ટ પણ મનાય છે.**

**કારણ ? એ એક જ પદવી એવી છે કે જે પ્રેમને બંધાયેલી છે જ્યારે અન્ય તમામ પદવીઓ તો પુણ્યને બંધાયેલી છે.**

આમાં ય કમાલનું આશ્ચર્ય તો એ છે કે તીર્થંકરનામકર્મની પદવી સ્વ માટે તો તારક બને જ છે, પણ જગતના જીવમાત્ર માટે પણ તારક બને છે.

**હે પ્રેમ ! અમને પરમાત્માની ભેટ આપવાની તારી ક્ષમતાને અમારા અનંત અનંત નમસ્કાર !**





# अपवर्गप्राप्तिः ।
## (મોક્ષની પ્રાપ્તિ એ પ્રેમનું ફળ છે)

પિંજરમાંથી પંખીનો થતો છૂટકારો.

કસાઇના હાથમાંથી પશુનો થઇ જતો છૂટકારો.

અત્યાચારી શાસકના હાથમાંથી ગુલામનો થઇ જતો છૂટકારો.

હવસખોર યુવકના હાથમાંથી શીલવતી યુવતિનો થઇ જતો છૂટકારો.

જેલમાંથી કેદીનો અને ફાંસીની સજા પામી ચૂકેલ ખૂનીનો થઇ જતો છૂટકારો.

એ સહુના માટે જે પણ આનંદનો વિષય બનતો હશે તે, પણ સર્વ દુઃખોથી, સર્વ દોષોથી, સર્વ સંસ્કારોથી, સર્વ કષાયોથી અને સર્વ કર્મોથી જે આત્માનો કાયમી છૂટકારો થઇ જાય એ આત્માના આનંદનું વર્ણન ન તો બૃહસ્પતિની કલમ પણ કરી શકે કે ન સરસ્વતીની જિવ્હા પણ કરી શકે.

અરે, ખુદ કેવળજ્ઞાની પણ ન કરી શકે.

અને આવા સાદિ અનંતનું ગૌરવ પામતા આનંદની અનુભૂતિનું શ્રેય જો કોઇ એક જ પરિબળને ફાળે જતું હોય તો એ પરિબળનું નામ છે, ન કેવળ સ્વ કે સ્વજન પ્રત્યેનો જ પ્રેમ, સજ્જન કે દુર્જન પ્રત્યેનો જ પ્રેમ, પણ સર્વ જીવો પ્રત્યેનો પ્રેમ !

જે પ્રેમ મુક્તિ ન મળે ત્યાં સુધી આત્માને શાંતિ-સમાધિ-સદ્‌ગતિ અને સદ્‌બુદ્ધિની ભેટ ધરતો રહે.





સરળતા-નમ્રતા-ઉદારતાદિ સદ્ગુણોની ભેટ ધરતો રહે.

વિનય, વિવેક, વાત્સલ્ય, વૈરાગ્ય વગેરે ગુણોનું ઇનામ આપતો રહે.

જીવો પ્રત્યે મૈત્રીભાવ, પ્રમોદભાવ, કરુણાભાવ અને માધ્યસ્થભાવના અભિગમોની ભેટ આપતો રહે.

દુઃખમાં પ્રસન્ન અને સુખમાં પવિત્ર રાખતો રહે.

શુભ અનુબંધવાળા પુણ્યને જન્મ આપતો રહીને અશુભ અનુબંધવાળા પાપોનો સફાયો કરતો રહે.

સર્વ સાવદ્યના ત્યાગની ક્ષમતા આપીને ઉપશમભાવમાં આત્માને રમતો રાખી શકે.

સર્વ જીવોના કલ્યાણનું કારણ બનતી તીર્થંકરની પદવી આપતો રહે.

અને છેવટે સર્વકર્મના ક્ષય સ્વરૂપ મુક્તિપદમાં આત્માને બિરાજમાન કરીને સ્વચ્છ, સ્વાધીન અને શાશ્વત સુખની ભેટ આપીને જ રહે એ પ્રેમના કેટલા ગુણ ગાવા ?

